VEDO... VADODARA
VIBRANT PUSHTI VADODARA

श्रीकृष्णाय नमः ।
श्रीगोपीजनवल्लभाय नमः ।
श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ।

श्रीसुबोधिनी

श्रीमद्वल्लभाचार्यप्रकटिता ।

(दशम-उतरार्ध-राजस-साधन-प्रकरणम् ।)

अष्टमोध्याय : ।

निरोधो मानरूपोऽत्र सप्तभिर्विनिरूपितः ।
गेयरूपश्च तावद्भिः प्रमेयबलमुच्यते ॥१॥
अपकारिषु भक्तेषु तथा साधारणेषु च ।
फलप्रकरणं ह्येतत्तेन नादृङ् निरूप्यते ॥२॥
कामः फलं यथा पूर्वं क्रोधस्त्वत्र तथा फलम् ।
राजसानां विशेषेण जयस्त्वत्र फलिष्यति ॥३॥
हरिधर्मैश्च हरिणा बलभद्रेण यादवैः।
जयो निरूप्यते लोके निरोधात्मा हि राजसः॥४॥
तत्राष्टमे तथाध्याये कृष्णेच्छाया जयस्त्रिधा।
सत्राजिच्छतधन्वा च अक्रूरश्च जितास्तथा॥५॥

દશમ સ્કંધ ઉત્તરાર્ધ અધ્યાય ૧ થી ૭

રાજસ સાધન પ્રકરણ

આઠમો અધ્યાય

કારિકાઓ :

કારિકા- ૧ : અહીં સાતમા અધ્યાયથી પ્રમાણરૂપ નિરોધ વર્ણવ્યો અને તેટલા અધ્યાયો પ્રમેયરૂપ કહેલા છે. હવે અપકાર કરનાર ભક્તો અને સાધારણ પુરૂષો પ્રતિ પ્રમેયબલ કહેવામાં આવે છે. કારણ આ ફલ પ્રકરણ છે. (૧-૨)

કારિકા-૩ઃ પહેલાં જેમ કામ ફલ પ્રાપ્ત કરાવનાર હતો. તે પ્રમાણે અહીં ક્રોધ પ્રાપ્ત કરાવનાર છે. રાજસો પર વિજય થશે. (૩)

કારિકા-૪ : કારણ હરિના ધર્મોથી, હરિથી, બલભદ્રથી, યાદવોથી લોકમાં નિરોધરૂપ રાજસ જય કહેવામાં આવે છે. તે પૈકી આઠમા અધ્યાયમાં શ્રીકૃષ્ણની ઇચ્છાનો જય ત્રણ પ્રકારે કહેશે. (૪)

કારિકા-: તે પૈકી આઠમાં અધ્યાયમાં તે પ્રમાણે શ્રીકૃષ્ણની ઇચ્છાનો જય ત્રણ પ્રકારે કહેશે. (૫)

સત્રાજિત, શતધન્વા અને અક્રુર પરનો જય થયેલ છે.

पूर्वाध्यायान्ते भगवता मणिर्न गृहीत इत्युक्तम् । तस्य फलमत्र निरुप्यते । देवतान्तरे कृता बुद्धिः जीवन्तं निरोधयितुं न प्रयच्छतीति निरोधाधिकार्यपि सत्राजित् स्वदेहं परित्यज्य मणिद्वारा भक्ते स्थितः संसारे भगवत्पादरूपेषु वाराणस्यादिषु निरुद्ध इत्युच्यते । तत्र प्रथमं तस्य पूर्वदेहत्यागार्थं प्रस्तावनामाह विज्ञातार्थोऽपीति द्वाभ्याम्।

श्रीशुक उवाच -

विज्ञातार्थोऽपि गोविन्दो दग्धानाकर्ण्य पाण्डवान्।
कुन्तीं च कुल्यकरणे सहरामो ययौ कुरुन् ॥१॥
भीष्मं नृपं सविदुरं गान्धारीं द्रोणमेव च ।
तुल्यदुःखौ समागम्य हा कष्टमिति होचतुः ॥२॥

विद्यमाने भगवति भगवद्धर्माणां प्रयोजकता न स्यादिति, लोकाश्च दुष्टाः। अन्यथा कल्पयिष्यन्तीति भगवान् भक्तानां विधिमुखेन हितं कुर्वाणः किं गच्छति। न हि मुख्येषु गतेषु तत्सम्बन्धिष्वदुःखितेषु गमनं कुलाचारो भवति। सर्वमज्ञात्वा गत इत्याशङ्क्याह विज्ञातार्थोऽपीति। विशेषेण ज्ञातः लाक्षागृहात् यथा पाण्डवा निर्गताः, यथा वा एकचक्रे गताः, तत्र ब्राह्मणवेषेण भिक्षावृत्त्या च यथा तिष्ठन्ति, यथा वा पञ्चपुत्रा काचिच्छवरी लाक्षागृहे दग्धा, तद्भ्रमात् लोकाः पाण्डवाः कुन्ती च दग्धेति वदन्ति, इदं प्रमेयमर्थः। विज्ञातः अर्थो येनेति। अन्यथा कौरवेषु सन्देहः स्यात्, यदि भगवान् न गच्छेत्, भगवतैवान्यत्र स्थापिता इति। अतोऽज्ञाननाटं कर्तव्यम्, अन्यथा पाण्डवनाशार्थं पुनर्यत्न कुर्युः। यतोभगवान् गोविन्दः, सतामिन्द्रा रक्षकः। अतः पाण्डवरक्षार्थं दग्धानाकर्ण्य। अदग्धानिति मुख्योर्थः। यतः पाण्डवाः पितुः पुत्राः। मतृपुत्रा एव दग्धा भवन्ति। कुन्तीं च दग्धां श्रुत्वा। कुल्यकरणप कुलधर्मसंरक्षार्थम्। वन्धुषु मृतेषु अवशिष्टानां तत्सम्वन्धिनां दर्शनार्थं दूरस्था गच्छन्तीति। अनेन तेषामपि निराधो भगवान् गत इति सूच्यते। कुरून हस्तिनापुरम्। केवले भगवति कस्यचित्सन्देहोऽपि भवेत्। वलभद्रसहिते न भवतीति सहराम इत्युक्तम्।

गतयोः सम्प्रश्नमाह भीष्ममिति। नृपो धृतराष्ट्रः। त्रयः सात्त्विकराजसतामसाः स्त्रीब्राह्मश्च जन्मोत्कर्षापकर्षौ। प्रत्येकमुपागम्य हा कष्टमित्युचतुः। एतादृशं वचनमाश्चर्यमिति हेत्युक्म् ॥२॥

यदर्थमेतपदुक्तं तदाह लब्ध्वैतदन्तरमिति चतुर्भिः

ગયા અધ્યાયમાં એમ કહેલું કે મણિ રાખ્યો નહિ તેનું ફલ આ અધ્યાયમાં જણાવવામાં આવે છે. બીજા દેવતામાં રાખેલી બુદ્ધિ શ્રધ્ધા, જીવતાં નિરોધ થવા દેતી નથી. શત્રાજિત નિરોધનો અધિકારી હોવા છતાં તેને પોતાના દેહનો ત્યાગ કરી, મણિદ્વારા ભકતમાં રહી સંસારમાં ભગવાનના ચરણરૂપ વારાણસીમાં ક્ષેત્રમાં નિરોધ પ્રાપ્ત કર્યો એમ કહેવામાં આવે છે. તે પૈકી પ્રથમ તેણે ત્યાગ દેહનો કર્યો તે નીચેના શ્લોકથી કહે છે.

VIBRANT PUSHTI * VADODARA *

<u>શ્લોકાર્થ -૧ :</u> વૃતાંત જાણનાર હોવા છતાં પણ પાંડવોને કુંતીને બળી ગયેલાં સાંભળીને ગોવિંદ બલભદ્ર સહિત લૌકિક કરવા કુરૂદેશ પધાર્યા. સમાન દુઃખવાળા બંનેએ ભીષ્મ અને વિદુર સહિત ગાંધારી અને દ્રોણની પાસે જઇને અરેરે ! ઘણું દુઃખ આવી પડયું એમ કહ્યું. (૧-૨)

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> - ભગવાન દ્વારકામાં હોય ત્યારે તેના ગુણોનું પ્રાધાન્ય ન રહે અને લોકો દુષ્ટ હોવાથી ખોટી કલ્પનાઓ કરે. તેથી ભગવાન અને બલભદ્ર દ્વારકાંનો ત્યાગ કરી હસ્તિનાપુર પધાર્યા એમ કહેવામાં આવે છે. કારણ કે પાંડવોના શત્રુઓ પાસે જતાં પાંડવોનું હિત કરવા જાય છે. કેમકે મુખ્ય પાંડવો જતાં તેમના સબંધિઓ પાસે જવું એ કુલાચાર નથી.

સર્વ વૃતાંત જાણ્યા છ્તાં ભગવાન કૌરવો પાસે પધાર્યા. એવી શંકા થાય તેથી 'વૃતાંત જાણનાર હોવા છતાં પણ' શબ્દો યોજેલ છે. જે પ્રકારે પાંડવો લાક્ષાઘરમાંથી બહાર નીકળ્યા અને પછી એક ચક્રીનગરમાં ગયા અને ત્યાં ભીખ માગવા બ્રાહ્મણના વેશમાં રહેતા હતો અને જે પ્રમાણે પાંચ પુત્રોવાળી કોઇ ભીલડી લાક્ષાગૃહમાં બળી ગઇ તેવા ભ્રમને લઇને. પાંડવો અને કુંતી બળી ગઇ એમ લોકો કહેતા હતા. આ સત્ય વૃતાંત જાણવામાં આવેલ હતો. છતાં જો ભગવાન લૌકિક રીતે ત્યા જાય નહિ તો કૌરવોને શંકા થાય કે ભગવાને તેમને બીજે રાખેલા છે. તેથી ન જાણતા હોય તેવું નાટક કરવું જોઇએ જેથી તેઓ પાંડવોનો નાશ કરવા ફરીથી પ્રયત્ન કરે નહિ.

ભગવાન ગોવિંદ એટલે સત્પુરૂષોના ઇંદ્ર રક્ષણ કરનાર છે. તેથી કુલના ધર્મનું રક્ષણ થાય તે માટે બંધુઓ મરણ પામે ત્યારે સબંધિઓને મળવા જાય છે. એવું લૌકિક કરવા ભગવાન ત્યાં પધાર્યા. 'अदग्धान्' બળી નહિ ગયેલા એવો મુખ્ય અર્થ છે. કારણ કે પાંડવો પોતાના પુત્રો હતા અને માતાના પુત્રો બળી જાય છે તેથી આમ સૂચવેલું છે.

કુરૂદેશ એટલે હસ્તિનાપુર. ભગવાન એકલા પધારે તો કોઇને સંદેહ થાય તેથી તે માટે ભલભદ્ર સહિત એમ કહેલું છે.(૧)

તે બેએ પધારીને પ્રશ્ન કર્યો તે બીજા શ્લોકમાં કહે છે. રાજા એટલે ધૃતરાષ્ટ્ર,

ભીષ્મ અને વિદૂર એમ સાત્વિક, રાજસ અને તામસ કહ્યા. ગાંધારી સ્ત્રી અને બ્રાહ્મણ બે ઉત્તમ અને હલકા જન્મવાળા કહ્યાં. તેમની પાસે જઇને અરેરે ! ઘણું દુઃખ આવી પડયું. એમ કહ્યું. આવું વચન આશ્ચર્યકારક હોય છે. (૨)

નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકથી પ્રયોજન કહે છે.

लब्ध्वैतदन्तरं राजन् शतधन्वानमूचतुः ।
अक्रूरकृतवर्माणौ मणिः कस्मान्न गृह्यते ॥३॥

अक्रुरः द्वारकया अवेक्षकः, दिवसे न्यायकर्ता धर्माधिकारी । कृतवर्मा तु रात्रावेवक्षकः, कोटिवारक इति प्रसिद्धः । शतधन्वा तु साहसी असाध्यसाधकः तयोराज्ञाकर्ता । स चौर्येण सर्व कर्तुं समर्थः । त्रयोऽपि यादवाः भगवति विद्यमाने, बलभद्रे वा, अन्यायं कर्तुमसमर्थाः, भगवति ग्रामान्तरं गते, एतदन्तरं छिद्रं लब्ध्वा । राजन्निति तथा परिज्ञानात्सम्बोधनम् । शतधन्वानं वक्ष्यमाण-मूचतुः । तयोर्वाक्यमाह मणिः कस्मान्न गृह्यत इति सपादश्लोकेन ॥३॥

न केवलं मणिमात्रं ग्राह्यम्, मारणीयोऽपीत्याह योऽस्मभ्यमिति ।

<u>શ્લોકાર્થ-૩ :</u> *હે રાજન ! આ અવસર પ્રાપ્ત કરીને અક્રૂર અને કૃતવર્માએ શતધન્વાને કહ્યું કે મણિ કેમ ન લેવો? (૩)*

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> અક્રુર દિવસે દ્વારકાની સંભાળ અને ન્યાય કરનાર અધિકારી હતો. કૃતવર્મા તે કોટિવારક રાત્રે સંભાળનાર અધિકારી હતો. શતધન્વા તો ન થઇ શકે એવું કરનાર, તે બેની આજ્ઞા પ્રમાણે ચાલનાર સાહસ કરનારો હતો. તે ચોરીથી બધું કરી શકતો. આ ત્રણે યાદવો ભગવાન અગર બલભદ્ર દ્વારકામાં હોય ત્યારે અન્યાય કરી શકતા નહિ. ભગવાન પરગામ પધારતાં આ અવસર પ્રાપ્ત કરીને તેમણે શતધન્વાને કહ્યું. હે રાજન ! એવું સંબોધન પરિક્ષિતને માટે કહેલું છે સત્રાજિત પાસેથી 'મણિ કેમ ન લેવો' શબ્દોથી તે બેનાં વાક્યો કહે છે.

માત્ર મણિ લેવો એટલું નહિ પણ તેને મારી પણ નાખવો એમ

VIBRANT PUSHTI VADODARA

આગળના શ્લોકથી કહે છે. (૩)

योऽस्मभ्यं सम्प्रतिश्रुत्य कन्यारत्नं विगर्ह्य नः ।
कृष्णायादान्न सत्राजित्कस्माद्भ्रातरमन्वियात् ॥४॥

भगवदपराधकरणात् मणिग्रहणे भगवतश्च मणिरिति न हेतुर्वक्तव्यः । भगवच्छ्वशुरोऽयमिति माणे हेतुर्वक्तव्य एव । अवश्यं तेन कन्यारत्नं देयत्वेन प्रतिज्ञातम्, तदभावे रत्नरतं वा तस्माद ग्राह्यम् । अस्मान् निन्दित्वा एते न वराः समीचीना इति भगवते दत्तवान् । तत्र निन्दायामवश्यं मारणीयः क्षत्रियधर्मपरैः । भगवते च दत्तवानिति गुप्ततया मारणीयः । यथा भगवता याचितं मणिं भगवते अदत्वाभ्रात्रे दत्तवान् । ततः समणिः भ्राता, हिनस्तीति सिंहेन विपाटितः सत्राजित् कस्माद्धेतोर्भ्रातरं नान्वियात् । अपित्वनुगमनमेवोचितम् । सत्यभाभा मणिश्च तुल्यौ याचने । अस्माभिः सत्यभामा याचिता, भगवता मणिर्याचितः । उभयोरपि याचितं न दत्तवान्, निन्दां चोभयोः कृतवान् । ततो निन्दानन्तरं मणिर्यत्रैव तिष्ठति, स एव प्रसेनपदवीं गच्छतीति तस्य भ्रातृसहगमनं युक्तमित्यर्थः । ताभ्यां लौकिकभाषया निरूपितोऽप्यर्थः सरस्वत्या परमार्थ एव निरुक्तः । येन प्रसेनो हतः, सोऽप्यन्येन हत इति जानन्तावपि मूर्ख शतधन्वानं स्वस्याप्यसम्मतमूचतुः । अन्यथा स्वयमेव तथा कुर्याताम् ॥४॥

ननु शतधन्वापि विचक्षणः कथमेवं कृतवानित्याशङ्क्याह एवं भिन्नमतिरिति ।

<u>શ્લોકાર્થ -૪ :</u> *જેણે ઉત્તમ કન્યા અમને આપવાનું વચન આપી આપણી નિંદા કરી શ્રીકૃષ્ણને આપી તે સત્રાજિત તેના ભાઈ પાછળ કેમ ન જાય? (૪)*

<u>સુબોધિનીજી, ભાવાર્થ :-</u> મણિ લેવામાં મણિ ભગવાનનો છે એનું કારણ ભગવાનનો અપરાધ થાય તે માટે કહેવા યોગ્ય નથી. આ સત્રાજિત ભગવાનનો સસરો છે. એ કહેવા યોગ્ય છે. તેણે પોતાની ઉત્તમ કન્યા આપવાની પ્રતિજ્ઞા કરેલી તે ન મળતાં તેની પાસેથી મણિરૂપ રત્ન લેવું જોઈએ. આ વર સારા નથી એમ આપણી નિંદા કરીને તેણે કન્યા ભગવાનને આપી. આવા સંજોગોમાં

નિંદા થતાં ક્ષત્રિય ધર્મવાળાએ અવશ્ય તેને મારી નાંખવો જોઈએ. અને છુપી રીતે હણવો જોઈએ. જેમ ભગવાને માગેલો મણિ ભગવાનને ન આપતાં તેણે પોતાના ભાઈને આપ્યો પછી સિંહે તેને મારી નાખ્યો. એ રીતે કન્યાદાનના પ્રસંગને લીધે પોતાને મળેલ મણિ પણ ભગવાનને તેણે આપ્યો. તેથી મણિવાળો સત્રાજિત કયા કારણથી તેના ભાઈની પાછળ ન જાય? પણ તે જાય તેજ યોગ્ય છે. આપણે સત્યભામા માગેલી, ભગવાને મણિ માગેલો. તેથી બંનેને માગેલું આપ્યું નહિ અને નિંદા કરી. તેથી જેની પાસે મણિ રહે છે. તે પ્રસેનના માર્ગે જાય છે. તેથી તે પણ જાય તે યોગ્ય જ છે.

તે બેએ લૌકિક ભાષાથી જણાવેલ અર્થ પણ સરસ્વતિએ સત્ય અર્થ જ જણાવ્યો. જેને પ્રસેનને હણ્યો તે પણ બીજાથી હણાયો. તે પણ તે બે જાણતા હોવા છતાં તેમણે શતધન્વાને કહ્યું. (૪)

શતધન્વા પણ ચતુર હતો. તેણે એ પ્રમાણે કેમ કર્યું? એવી શંકામાં નીચેનો શ્લોકથી કહે છે.

एवं भिन्नमतिस्ताभ्यां सत्राजितमसत्तमः ।
शयानमवधील्लोभात्स पापः क्षीणजीवितः ॥५॥

ताभ्यां भिन्ना नाशिता मतिर्यस्य । मणिरेव ग्राह्य इति तत्प्ररोचनया वुद्धिरुत्पन्ना । ततोग्रे भाव्यर्थे वुद्धिस्तावता नष्टेति विचारसमर्था न जाता । उभौ तौ वहुधा व भ्रामयतः । भ्रामणमग्रिमार्थमेव । तौ हि जानीतः । मणिसम्बन्धेन मरणं भविष्यतीति । अतो न मण्यार्थिनौ । अयं नु मण्यर्थो । अतः असत्तमः । तावुभावसंदसत्तरौ । अयमसत्तम इति । अन्यथा युद्ध कृत्वापि मारयेत् । किन्तु शयानमेवावधीत् । तत्रापि लोभात्, न तु तेन सह वैरम्, ननु कथमेवं वुद्धिरुत्पन्ना, द्वारकावासिनो भगवदीयविषये स्थितस्य, तत्राह स पाप इति । स शतधन्वा पापः, देवानां मध्ये अधमोऽप्येकः, यथा कलिः। ततश्चायमधर्मरूप इति तथा कृतवान् । किञ्च । क्षीणजीवित इति । तस्य जीवितमल्पमेव । एतदर्थमव तस्यावतार इति ॥५॥

VIBRANT PUSHTI VADODARA

यदि हननमात्रमेव कुर्यात्, तदाप्यन्प्रेरितः, तथा कृतवानिति तथा नास्य दोषो भवेत्, किन्वधिकमपि कृतवानित्याह स्त्रीणशमिति ।

શ્લોકાર્થ -૫ : એવી રીતે તે બેએ નાશ કરેલ મતિવાળા ક્ષીણ થએલ જીવનવાળા, સર્વથી દુષ્ટ તે પાપીએ લોભને લીધે ઉંઘતા સતાજિતને મારી નાખ્યો. (૫)

સુબોધિનીજી, ભાવાર્થ : શતધન્વાની મતિ નાશ પામેલી હતી. તેથી મણિ જ લેવો એવી લાલચને લીધે એવી બુદ્ધિ ઉત્પન્ન થઇ. પછી ભવિષ્યમાં શું થશે? એ વિષયમાં બુદ્ધિનો નાશ થયો તેથી તે વિચાર કરી શકી નહિ. તે ભ્રમવાળી થઇ ભવિષ્યમાં જે વૃતાંત થવાનો છે તે માટે જ ભમાવતા હતા. કારણ કે 'મણિના સંબંધને કારણે મરણ થશે' એમ તે બે જાણતા હતા. તેથી તે બંને મણિ ઇચ્છતા ન હતા.

આ શતધન્વાને તો મણિની ઇચ્છા હતી. તેથી તે દુષ્ટ હતો. આ બધાથી વધારે દુષ્ટ હતો. કારણ કે તે શત્રાજિત જોડે યુદ્ધ કરીને પણ હણત પણ તેમ ન કરતાં ઉંધતાને જ હણ્યો. તેની સાથે વેર ન હતું પણ લોભને લીધે હણ્યો.

ભગવાનના દેશમાં રહેનારા, દ્વારકાવાસીની, બુદ્ધિ એમ કેમ થઇ? એવી શંકા થાય તેથી 'તે પાપીએ' શબ્દ યોજેલ છે. તે શતધન્વા પાપી હતો. દેવોની અંદર પણ કલિની પેઠે એક અધમ હતો તેથી તેને તેમ કર્યું. વળી ક્ષીણ થએલ જીવનવાળો અને જીવન પણ થોડું જ હતું. એ માટે જ તેનો અવતાર થયો હતો. (૫)

જો તેણે સત્રાજિતને માત્ર હણ્યો જ હોત તો મોટો દોષ ન થાત પણ આણે વિશેષ પાપ કર્યું તે હવે કહે છે.

स्त्रीणां विक्रोशमानानां क्रन्दन्तीनामनाथवत् ।
हत्वा पशून् सौनिकवन्मणिमादाय जग्मिवान् ॥६॥

विशेषेण क्रोशमानानां सतीनाम् । ता अपि नाथरहिता एव हत्वा ताडयित्वा वा मणिमादाय जग्मिवान् पलायितः । दयादाक्षिण्याद्यभावार्थं दृष्टान्त,

सौनिकवदिति । निरन्तरं सूनाकर्ता सौनिकः, पशून् हत्वा तन्मांसाविक्रेता । यथा काष्ठच्छेदकस्य न वृक्षेषु दया, तथा तस्यापि । अर्चितस्यापि मणेः अनिष्टहेतुत्वं प्रतिपादितम् । अत्र प्रकरणे प्रमेयबलमिति न पूर्वाध्यायवाक्यैर्विरोधः ॥६॥

<u>શ્લોકાર્થ -૬ :</u> સ્ત્રીઓ ઘણી રાડો પાડતી હતી અને અનાથની પેઠે ઘણું આક્રંદ કરતી હતી ત્યારે કસાઈ પશુઓને હણે તેમ હણી મણિ લઈ તે જતો રહ્યો. (૬)

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> સ્ત્રીઓ ઘણી રાડો પાડતી હતી. અથવા અનાથની પેઠે તેણે પ્રહાર કરીને મણિ લઈને જતો રહ્યો. તેનામાં દયા ન હતી તે જણાવવા 'કસાઈ પેઠે' એવું દૃષ્ટાંત આપેલ છે. કસાઈ સદા હિંસા કરનારો છે. પશુઓને હણી તેઓનું માંસ વેંચનારો છે. જેમ લાકડાં કાપનારને વૃક્ષો ઉપર દયા આવતી નથી. તેમ તેને પણ દયા ન હતી. પૂજાતો મણિ પણ મરણનું કારણ બન્યો. આ પ્રકરણમાં પ્રમેયનું બલ હોવાથી કોઈનો વિરોધ નથી. (૬)

सत्यभामा च पितरं हतं वीक्ष्य शुचार्दिता ।
व्यलपत्तात तातेति हा हतास्मीति मुह्यती ॥७॥

तस्मिन् गते भगवद्गृहेऽपि स्थिता सत्यभामा उपश्रुतिमिव श्रुत्वा, पितृगृहे समागता, पितरं हतं बीक्ष्य शाकेन पीडिता, तात तातेति व्यलपत् । यथा स्त्रीभिराक्रोशः कृतः, एवं सत्यभामयापि कृत इति समुच्चयार्थश्चकारः। भर्तृवधे तासां यावद्दुःखम्, पितृवधेऽपि तावत्कृतमित्यर्थः । तासामुभयं स्वनाशो भर्तृनाशश्चेति तुल्यत्वाभावात् कथं समुच्चय इत्याशङ्क्य, अत्रापि द्वयमाह तात तातेति । हा हतास्मीति च । ननु कथमेवं स्वयमहता तथोक्तवती, तत्राह मुह्यतीति । मोहं प्राप्ता मृतकल्पा सत्यमेव तथोक्तवतीत्यर्थः ॥७॥

भगवद्विरोधात् तस्य शीघ्रं पारलोकिकी क्रियापि न जातेति वक्तुं सत्यभामाया उद्योगमाह तैलद्रोण्यामिति ।

<u>શ્લોકાર્થ - ૭ :</u> પિતાને હણાએલો જોઈને શોકથી પીડાએલા

VIBRANT PUSHTI VADODARA

સત્યભામાએ મૂર્છા પામતાં 'ઓ બાપલીયા રે' મને મારી નાખી એવો વિલાપ કર્યો. (૭)

<u>સુબોધિનીજી, ભાવાર્થ</u> : તે શતધન્વા સત્રાજિતને હણી મણિ લઇ ગયો ત્યારે સત્યભામા ભગવાનના મંદિરમાં હતાં. છતાં વૃતાંત સાંભળીને પિતાને ત્યાં આવ્યાં. પિતાને હણાએલા જોઇને શોકથી પીડાએલા 'બાપલીયા રે' એમ વિલાપ કર્યો. જેમાં સત્રાજિતની સ્ત્રીઓએ પણ વિલાપ કર્યો તે પ્રમાણે સત્યભામાએ પણ વિલાપ કર્યો. પતિનો વધ થતાં તેઓને જેટલું દુઃખ થયું તેટલું પિતાનો વધ થતાં સત્યભામાને થયું એવો અર્થ છે. તેઓને પોતાનો નાશ અને પતિનો નાશ એમ બંને દુઃખ થયાં એમ સત્યભામાને પણ બે દુઃખ થયાં એમ 'ઓય બાપલીયા રે ' અને મને મારી નાખી શબ્દોથી કહેલું છે. તેણે એવું કેમ કહ્યું ? એવી શંકા થાય તેથી 'મૂર્છા પામતાં' શબ્દ યોજેલ છે. મૂર્છા પામેલી હણાએલા જેવી હોવાથી તે પ્રમાણે સત્ય જ કહેલું એવો અર્થ છે. (૭)

ક્રિયા પણ તરત ન થઇ એમ જણાવવા નીચેનો શ્લોક કહે છે.

तैलद्रोण्यां मृतं प्रास्य जगाम गजसाह्वयम् ।
कृष्णाय विदितार्थाय तप्ताचख्यौ पितुर्वधम् ।।८।।

इयं देवदत्तपुत्रिकाप्रायेति पुरुषप्रकृतिर्भवति । यतोऽभ्रातृमती । अतो धर्मतः अविवाह्यापि स्त्रीरत्नत्वाद्गृहीता । अतः पुरुषवदेव तस्याश्चरित्रम् । द्रोणी कुसूलवत् कुतूवत् कटाहवद्वा आयसी ताम्रनिर्मिता वा । मरणपर्यन्तं विलापः । ततो मृतस्य तैलद्रोण्यां करोतीति । गजसाह्वयमिति प्रसिद्धस्थानत्वात् तत्र गमनं न सन्देहमावहति । तत्र भगवद्विज्ञापनार्थमेव गतेति तदाह कृष्णायेति । भ्रान्तेयमिति ज्ञापनार्थं विदितार्थायेति । तं तादृशप्रकारापन्नम् । पितुर्वधमिति । आवश्यकत्वान्न दोषायेत्यर्थः ।।८।।

यथा ज्ञात्वा न किंचित्कृतवान्, एवं श्रुत्वापि न करिष्यतीत्याशङ्क्य, लौकिकं प्रतीकारं च कृतवानित्याह तदाकर्ण्येति द्वाभ्याम् ।

<u>શ્લોકાર્થ-૮</u> : મરેલાને તેલની કોઠીમાં નાખીને તે હસ્તિનાપુર

ગયાં જેમણે વૃતાંત જાણેલો હતો. તેવા શ્રીકૃષ્ણને પોતાના પિતાના વધની વાત કરી. (૮)

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> આ સત્યભામા દેવે આપેલી પુત્રી હતી. પુરૂષના જેવા સ્વભાવવાળી હતી. કારણ કે ભાઇ વિનાની હતી. તેથી ધર્મ પ્રમાણે તે પરણવા યોગ્ય ન હોવા છતાં ઉત્તમ સ્ત્રી હોવાથી ભગવાન તેને પરણ્યા. તેથી તેનું ચરિત્ર પુરૂષ જેવું જ છે. 'द्रोणी' એટલે લોઢાના અથવા તાંબાના બનાવેલા કોઠાર અથવા કડાઇ. સત્રાજીત મરણ પામ્યો ત્યાં સુધી વિલાપ કર્યો. પછી મરેલાને તેલની કડાઇમાં નાખ્યો અને પોતે હસ્તિનાપુર ગઇ. કારણ કે ત્યાં પધારેલાં ભગવાન મરેલાને સાંત્વન કરતા હતાં. 'હસ્તિનાપુર' એ પ્રસિદ્ધ સ્થાન હોવાથી ત્યાં જવાથી કંઇ સંદેહ થાય એમ ન હતું. ત્યાં ભગવાનને સમાચાર જણાવવા જ ગએલા. તે ભાન ભૂલેલી હતી એમ જણાવવા 'જેમને વૃતાંત જાણેલો હતો તેવા' વિશેષણ યોજેલ છે. 'તે' એટલે તેવા પ્રકારને પામેલા 'પિતાના વધની વાત કરી' એવો અર્થ છે. (૮)

જેમ સમાચાર જાણીને ભગવાને કાંઇ કહેલું નહિ તેમ સત્યભામાથી સાંભળીને પણ કાંઇ કરશે નહિ. એવી શંકા થાય તેથી નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકથી લૌકિક કર્યું અને વેર લેવાનો ઉદ્યમ કર્યો.

VIBRANT PUSHTI * VADODARA *

तदाकर्ण्येश्वरो राजन्ननुसृत्य नृलोकताम् ।
अहो नः परमं कष्टमित्यस्राक्षौ विलेपतुः ॥९॥
आगत्य भगवांस्तात सभार्यः साग्रजः पुरम् ।
शतधन्वानमारेभे हन्तुं हर्तुं मणिं ततः ॥१०॥

ईश्वरावपि लीलार्थं नृलोकमनुसृत्य श्वशुरमाणात् दुहितेव स्वयमपि विलापं कृतवन्तौ । यथा तस्याः कष्टं तथा कष्टमूचतुः केवलं वाचनिकत्वव्युदासाय अस्राक्षौ । पूर्णा शक्तिः तथा करोतीति ज्ञापयितुं द्विवचनम् । उद्योगमाह आगत्येति । अन्यद्वारा कार्यकरणमौदासीन्यद्योतकमिति स्वयमेवागत्य कृतवान् । भगवानिति सामर्थ्यमुपायज्ञानं च । तातेति राज्ञः सम्बोधनं

विश्वासाय । गुप्ततया समागतो भविष्यतीत्याशङ्क्याह सभार्यः साग्रज इति । पुरं द्वारकामेव । नतु मध्ये स्थित्वा उपायेन बन्धनं विचारितवान् । ततः शतधन्वानं हन्तुम् । हननस्य प्रयोजनं मणिं हर्तुमिति । स हि जीवन् न ददाति । अतो हत्वैव गाह्यः । अत्र द्वयं न प्रयोजनम्, हननं ग्रहणं च । किन्तु ग्रहणार्थमेव हननम् । अन्यप्रेरितो हतवानिति । भगवदिच्छापीति न वधमर्हति, नापि तद्वंश्यो भगवान्, येन हन्तारं हन्यात् । उभौ च तुल्यौ । कृतस्य करणं नास्तीति शतधनोर्हनेऽपि न सत्राजिज्जीवनम् । अत एवाग्रे भगवद्वाक्यं घटते । वृथा हतः शतधनुरिति । शतधनुः शब्दः सकारान्तः, उकारान्तोऽपि । सत्राजिद्वत् । द्विःस्वभावेनैव द्विःस्वभावो मारति इति ज्ञापवितुं द्विविधः प्रयोगः । सत्राजितो द्विस्वभावत्वं निन्दाकरणात् पश्चात्तापकरणाच्च निरूपितम् । अस्यापि हनने निर्भयत्वमग्रे पलायनेन सभयत्वं च निरूपयिष्यति । ततः शतधनुषः अयमारम्भः ध्रियतां बध्यतामिति स्पष्टमाज्ञापनरूपः ॥१०॥

ततो राजकीयाः तन्निग्रहार्थं प्रवृत्ता, एवं सति शतधनुषः कृत्यमाह सोऽपीति ।

<u>શ્લોકાર્થ-૯ :</u> હે રાજન્ ! તે સાંભળીને જે ઈશ્વરોએ મનુષ્યના સ્વભાવને અનુસરીને અરેરે ! અમને ઘણું કષ્ટ આવી પડયું. એવો આંખમાં આંસુ લાવી વિલાપ કર્યો. (૯)

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> શ્રીકૃષ્ણ અને બલરામ ઈશ્વર હોવા છતાં તેમણે લીલા માટે મનુષ્યના સ્વભાવને અનુસરીને, સસરાની હત્યા થઈ તેથી દિકરીની પેઠે પોતે પણ વિલાપ કર્યો. જેવું તેને દુઃખ થયું તેવું દુઃખ પોતાને થયું એમ જણાવવા 'આંખમાં આંસુ લાવીને' શબ્દો કહેલા છે.

નીચેના શ્લોકથી વેર લેવાનો ઉદ્યોગ કહે છે.

<u>શ્લોકાર્થ-૧૦ :</u> હે તાત ! પત્ની સાથે અને મોટાભાઈ સાથે ભગવાને શહેરમાં આવીને શતધન્વાને હણવાનો અને મણિ લઈ લેવાનો અરંભ

કર્યો. (૧૦)

સુબોધિનીજી, ભાવાર્થ : ભગવાને પોતે આવીને તે કામ કર્યું. 'ભગવાન' શબ્દથી તે ઉપાયનું જ્ઞાન જણાવે છે. હે તાત ! એ સંબોધન પરિક્ષીતને વિશ્વાસ રહે તે માટે છે. 'પત્ની અને મોટાભાઈ સાથે' શબ્દોથી ભગવાન દ્વારકાં આવ્યાં. શહેરમાં એટલે દ્વારકામાં આવીને આરંભ કર્યો. શતધન્વાને હણવાનો આરંભ કર્યો. 'મણિ લઈ જવા' શબ્દોથી હણવાનું પ્રયોજન બતાવેલ છે. મણિ લેવા માટે હણવાનો હતો. બીજાએ ઉશ્કેરવાથી શતધન્વાએ સત્રાજિતને હણેલો તે વધને પાત્ર નથી એવી ભગવાનની ઈચ્છા પણ હતી. થઈ ગયું તેનો ઉપાય નથી તેથી શતધન્વાને હણવામાં આવે તો પણ સત્રાજીત જીવતો થવાનો ન હતો તેથી 'શતધન્વાને નકામો હણ્યો' એવું ભગવાનનું વાકય બંધ બેસતુ જ છે. શતધન્વાને પકડો અને બાંધો એવો ઉદ્યમ શરૂ કર્યો. (૧૦)

सोऽपि कृष्णोद्यमं ज्ञात्वा भीतः प्राणपरीप्सया ।
साहाय्ये कृतवर्माणमयाचत स चाब्रवीत ॥११॥

योऽयं राजद्वारा निग्रहः श्रूयते, स भगवत्कृत एवेति निश्चितवान् । अतः कृष्णोद्यमं ज्ञात्वा पूर्वं साधारणत्वेन ब्रह्मत्वेन वा सम्बन्धेन वा ज्ञात्वा निर्भयः । इदानीं पक्षपातिनं ज्ञात्वा भीतो जातः । चौरस्य चौर्यादेव स्वत्वमुत्पद्यते । तस्मिन् हते शत्रुजनन्यायेन यो हन्यात्, तस्य भवति । अन्यथा तस्मिन् विद्यमाने परस्वापहार एव भवति । अतो भगवान् हत्वैव ग्रहीष्यतीति निश्चित्य, प्राणपरीप्सया सर्वतः प्राणा रक्षणीया इति, अहत्वा दुष्टान् न ग्रहीष्यतीति, चौरवच्च मरणं न प्रशस्तमिति, स्वयमसहायः कृतवर्माणं यादवं सहायत्वेन प्रार्थितवानित्याह साहाय्येकृतवर्माणमयाचतेति । अस्य याचनवाक्यानि स्पष्टानीति नोदाहृतानि । स चाब्रवीदिति चकारेण सूचितानि ॥११॥

स कृतवर्मा महान् यादवः, भारते युद्धे कौरवपक्षपाती , वहुकार्यं तस्यास्तीति, स्वाभिलषितं सिद्धमेवेति, मणिं चायं न प्रयच्छतीति, उदासीनः सन् भगवत्पक्षपातेन वाक्यान्याह नाहमीश्वरयोरिति।

VIBRANT PUSHTI VADODARA

શ્લોકાર્થ - ૧૧ : તેણે પણ શ્રીકૃષ્ણનો ઉદ્યમ જાણીને, ભય પામી પ્રાણનું રક્ષણ કરવાની ઈચ્છાથી કૃતવર્માની સહાય માગી અને તેણે નીચે પ્રમાણે કહ્યું. (૧૧)

સુબોધિનીજી, ભાવાર્થ : જે રાજા મારફતે શતધન્વાને પકડવાનું સાંભળાતું હતું તે પણ ભગવાને જ ઉદ્યમ કરેલ જાણીને, પહેલાં શ્રીકૃષ્ણને સાધારણ પુરૂષ જાણીને, અથવા બ્રહ્મ જાણીને અથવા તેમની સાથેના સબંધને લીધે ભયરહિત હતો. પણ હવે પક્ષપાત કરનાર જાણીને ભય પામ્યો. ચોરની માલિકી ચોરીથી જ થાય છે. તેને હણવામાં આવે ત્યારે શત્રુ ઉપર મેળવેલા જયના નિયમ મુજબ તેને હણે તેની માલીકી થાય. તેમ કરવામાં ન આવે તો ચોર હયાત હોય ત્યાંસુધી તેની મિલ્કત હોવાથી પારકાનું ધન લઈ લીધું જ ગણાય. તેથી ભગવાન મને હણીને જ લેશે એવો નિશ્ચિય કરીને, પ્રાણનું રક્ષણ સર્વ પ્રકારે કરવું જોઈએ, ભગવાન હણ્યા વગર તે દુષ્ટ પાસેથી મણિ લેશે નહિ તેથી ચોરની માફક મરવું સારૂં નહિ હોવાથી તેને સહાય કરનાર કૃતવર્માને વિનંતિ કરી. એમ 'કૃતવર્માની સહાય માગી' શબ્દોથી કહેલું છે તે વચનો અહીં કહેલાં નથી એમ 'અને' શબ્દથી સૂચવેલું છે.

તે કૃતવર્મા મોટો યાદવ મહાભારતના યુદ્ધમાં કૌરવોના પક્ષમાં હતો. શતધન્વા તેને મણિ આપતો ન હતો તેથી તેણે ઉદાસીન રહી ભગવાનનો પક્ષપાત કરી વચનો કહ્યાં.

नाहमीश्वरयोः कुर्यां हेलनं रामकृष्णयोः ।
को नु क्षेमाय कल्प्येत तयोर्वृजिनमाचरन् ॥१२॥

फलं तु न तव, नापि मम, किन्तु हेलनं कर्तुं शक्यम्, यथा त्वं करोषि, तदपि न कर्तव्यम् । यतः कृष्णरामौ न लौकिकौ, तत्रापीश्वरो दृष्टादृष्टलौकिकालौकिकफलदानसमर्थौ । अहं चैकः स्वानुभवेन तुच्छश्च । रामकृष्णयोरिति नाम्नैव प्रसिद्धिरुक्ता । ननु भवानपि यादवः शूरो महारथश्च, तत्कथं बिभेषीत्याशङ्क्याह को नु क्षेमायोत । नु इति वितर्के । यावन्तो भगवदपराधकर्तारः, ते सर्व एव क्षेमात् प्रच्युता दृष्टाः । भविष्योतः परं को वा

कल्प्येत, भूतवदेव भविष्यस्यापि निर्णयात् । नु इति निश्चये । तत्रापि तयोः पूर्णशक्तिमति भगवति आत्तरन्नेव भगवता अहतोऽपि चिन्तयैव म्लानो भवतीति साधनफलयोः समानकालत्वं निरूपयन् वर्तमानप्रयोगं कृतवान् ॥१२॥

तत्र निदर्शनमाह कंस इति ।

<u>શ્લોકાર્થ-૧૨ :</u> મારાથી બલભદ્ર અને શ્રીકૃષ્ણનો અપરાધ બે ઈશ્વરો હોવાથી ન થાય. તેઓનો અપરાધ કરનાર કોણ કલ્યાણ પ્રાપ્ત કરે છે. (૧૨)

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> ફલ તો કદી તને પ્રાપ્ત થવાનું કે નથી મને પ્રાપ્ત થવાનું પણ અપરાધ થાય. તું જેમ વિરોધ કરે છે તેમ પણ કરવું જોઈએ નહિ. કારણ કે બલભદ્ર અને શ્રીકૃષ્ણ લૌકિક નથી. પણ તેઓ ઈશ્વર એટલે જાણી શકાય અને ન જાણી શકાય તેવું લૌકિક અને અલૌકિક ફલ આપવાને શકિતવાળા છે અને હું એકલો છું. મારા પોતાના અનુભવ પ્રમાણે તુચ્છ છું. 'બલભદ્ર અને શ્રીકૃષ્ણ' એમ નામથી જ પ્રસિદ્ધ કહેલા છે.

તું પણ બહાદુર અને મહારથી યાદવ છે. તેથી ભય કેમ પામે છે? એવી શંકા થાય તેથી ઉત્તરાર્ધ યોજેલો છે. 'તુ' શબ્દ અનુમાનના અર્થમાં યોજેલ છે.

જેટલા ભગવાનના અપરાધ કરનારાઓ હતા તે બધા એ કલ્યાણથી ભ્રષ્ટ થએલા જોવાએલા છે. તો હવે પછી કોણ અપરાધ કરનારો કલ્યાણ પ્રાપ્ત કરે? 'તુ' શબ્દ અહીં નિશ્ચયના અર્થમાં છે. ભગવાને પ્રહાર ન કરેલ હોવા છતાં પણ ચિંતાથી સૂકાઇ જાય છે. એમ સાધન અને ફલ એક જ સમયે થાય છે. એમ જણાવેલ છે.(૧૨)

कंस सहानुगोऽपीतो यद्द्वेषात्त्याजितः श्रिया ।
जरासन्धः सप्तदश संयुगान्विरथो गतः ॥१३॥

महान् स राजा, तादृशशोऽपि तयोर्वृजिनमाचरन्, सहानुगी भ्रातृसहितोऽपि, अपीतः अप्ययं प्राप्तः । अपीति प्रलयार्थे । अप्युपसर्गपूर्वक इण् धातुः । कर्तरि क्तः । अपरिप्ययः तमित इति । श्रिया वा अपीतः अपगतः अपसारितः भगवतैव च, द्वेषाद्वा । एंकमुदाहरणं नार्थं निश्चाययतीति

VIBRANT PUSHTI VADODARA

न्यांजरहितां क्रियाशक्तिं भगवतो निरूपयति जरासन्ध इति । सप्तदश युद्धानि कृत्वा आलक्ष्य, यद्द्वेषात्त्याजित इति वा अनुवर्तते । संयुगान् त्याजितः विरथो भूत्वा गतः स्वगृहम् । सप्तम्यर्थे वा द्वितीया ॥१३॥

कृतवर्मा भगवत्प्रतिकूलस्वभाव इति प्रथमं स याचितः । स चेदुत्तरं दत्तवान्, तदा तमुदासीनं मत्वा, सत्राजिद्वधः अक्रूरस्यैव सर्वथामीष्ट इति उपाकारकर्तारमात्मानं मत्वा, भगवद्भक्तमपि अक्रुरं युद्धे क्रियमाणे भङ्गे पश्चात्पृष्टपूरकत्वेन याचनं कृतवानित्याह प्रत्याख्यात इति ।

શ્લોકાર્થ-૧૩ : જેમના દ્વેષને લીધે ભાઈઓ સહિત કંસ લક્ષ્મીથી ત્યજાઈ મૃત્યું પામ્યો અને જરાસંધ સત્તર વખત યુધ્ધમાં રથ વિનાનો થઈને નાઠો. (૧૩)

સુબોધિનીજી, ભાવાર્થ : તે કંસ મોટો રાજા હતો. તેમણે અપરાધ કરતાં ભાઈઓની સાથે નાશ પામ્યો. 'अपि' શબ્દ પ્રલયના અર્થમાં છે. મૃત્યુંને પામ્યો એવો અર્થ છે. લક્ષ્મીથી દૂર થયો અને ભગવાનથી દૂર થયો અને દ્વેષથી પણ દૂર કરાયો.

સત્તર યુદ્ધો કરી ભગવાનની ક્રિયાશક્તિ જોઈ નાઠો. પોતાના ઘેર ગયો. સત્તર યુદ્ધમાં રથ વિનાનો થઈ નાઠો. (૧૩)

કૃતવર્મા ભગવાનતી પ્રતિકૂલ સ્વભાવવાળો હોવાથી તેની પાસે પહેલાં સહાય માગી અને તેણે આ ઉત્તર આપ્યો. ત્યારે તેને ઉદાસીન માનીને, અક્રુરને જ સર્વ પ્રકારે ઈષ્ટ માની તેનો વધ તેની મારફતે જ ઈષ્ટ હોવાથી તે હવે નીચેના શ્લોકથી કહે છે.

प्रत्याख्यातः स चाक्रूरं पार्ष्णिग्राहमयाचत ।
सोऽप्याह को विरूध्येत विदित्वेश्वरयोर्बलम् ॥१४॥

चकारात्तत्पक्षपातिनोऽन्येऽपि तेन प्रत्याख्याताः । स पूर्वोक्तः कृतोपकारः । अक्रूरं भक्तं नाम्ना हितकारित्वमपि बोधितम् । पार्ष्णिग्राहः पृष्टपूरकः । पूर्ववदेव याचनवचनानि नोक्तानि । सोऽपि स्वकार्यस्य सिद्धत्वात् भगवदसम्पत्तिं ज्ञात्वा प्रत्याचष्ट इत्याह सोऽप्याहेति सार्धैस्त्रिभिः । अपिशब्दात् पूर्वः कृतवर्मा गृहीतः

। तेने प्रत्याख्यानं सिद्धम् । तद्धदेवाहेति । अग्रे त्वयापि विरोधो न कर्तव्य इति युद्धान्निवर्तयितुं भगवन्माहात्म्यमाह को विरुध्येतेति । को वा विरोधमाचरेत् । अज्ञः करोतु नाम, ईश्वरयोर्बलं विदित्वा प्रत्यक्षशब्दाभ्यामवगत्य, पूर्णशक्तेर्भगवतः विरोधं कोऽपि न करोतीत्युपदेशः ॥१४॥

आदौ श्रुतं माहत्म्यमाह य इदमिति ।

श्लोकार्थ -१४: કૃતવર્માએ ના પાડેલા તેણે અક્રુર પાસે પાછળથી મદદ કરનાર તરીકે માગણી કરી તેણે પણ કહ્યું કે બે ઈશ્વરોનું બલ જાણીને કોણ વિરોધ કરે?(૧૪)

ભાવાર્થ, સુબોધિનીજી : 'ચ' અને શબ્દથી તેને કૃતવર્માએ ના પાડી તેથી અક્રુરની પાસે માગણી કરી. પાછળથી મદદ કરનાર પાસે માગણી કરી અને તેણે પણ પહેલાં કૃતવર્માએ કહેલાં વચનો કહ્યાં પોતાનું કાર્ય પતી ગએલ હોવાથી ભગવાનની ના પસંદગી જાણીને મદદ કરવા ના પાડી એમ સડાત્રણ શ્લોકથી કહે છે. તારે પણ વિરોધ કરવો નહિ એવા અભિપ્રાયથી તેને યુદ્ધથી અટકાવવા બે ઈશ્વરોનું બલ જાણીને તેમની સામે કોણ વિરોધ કરે ? શબ્દોથી ભગવાનનું મહાત્મ્ય કહેલ છે. બે ઈશ્વરોનું બલ જાણીને પ્રત્યક્ષથી અને શાસ્ત્રથી જાણીને પૂર્ણ શક્તિવાળા ભગવાનનો વિરોધ કોઈ પણ કરે નહિ. એવો ઉપદેશ છે.(૧૪)

નીચેના શ્લોકથી ભગવાનનું મહાત્મ્ય કહે છે.

य इदं मायया विश्वं सृजत्यवति हन्ति च ।
चेष्टां विश्वसृजो यस्य न विदुर्मोहिताजया ॥१५॥

भगवतः सामर्थ्यं तस्यानन्यत्वं च प्रतिपाद्यते । माया सर्वभवनसामर्थ्यम्, शक्तिर्वाकाचित्, अप्रयोजिका, तामपि करणत्वेन स्वीकृत्य इदं सर्वमेव जगत् उत्पादयनि पालयति नाशयति च । एवमन्योऽपि करिष्यतीत्याशङ्क्य कैमुतिकन्यायेन परिहरति चेष्टामिति । भगवांस्त्वेतल्लीलयैव करोति, अन्यैः कर्तव्यमिति दूरापास्तम् । भगवत्क्रियामात्रमपि न जानन्ति, किं करोति कथं करोतीति । क्रियाशक्तिर्वा निष्पन्नापि सर्वं निष्पादयन्त्यपि किमात्मिवैषेति न

विदुः । तत्र हेतुः अजया प्रकृत्या मोहिता इति । यदि ते जानीयुः, तदा कथमात्मवच्चनामङ्गीकुर्युः । ये अजयापि मोहिता भवन्ति, ते अजा एव, सर्वै रेव हन्यमानाः स्वरक्षायामेवाशक्ताः कथं सृष्टिं करिष्यन्तीति भावः ॥१५॥

एवं श्रुतिसिद्धमुक्त्वा प्रत्यक्षसिद्धमाह यः सप्तहायन इति ।

श्लोकार्थ -૧૫ : જે માયાથી આ વિશ્વને રચે છે, પાલન કરે છે અને સંહાર કરે છે. પ્રકૃતિથી મોહ પામેલાઓને જે વિશ્વ રચનારની કૃતિને જાણતા નથી.(૧૫)

સુબોધિનીજી, ભાવાર્થ : ભગવાનનું સામર્થ્ય અને અનંતપણું સિદ્ધ કરવામાં આવે છે. માયા એટલે સર્વ થવાની શક્તિ તેનો પણ કરણ તરીકે સ્વીકાર કરી ભગવાન આ બધું જગત રચે છે. પાલન કરે છે અને સંહાર કરે છે.

બીજો પણ એ પ્રમાણે કરશે એવી શંકામાં તેને ઉત્તરાર્ધથી કૌમુતિક ન્યાય વડે દૂર કરે છે. ભગવાન તો આ રમતથી જ કરે છે. ભગવાન શું કરે છે? કેમ કરે છે? એ ક્રિયાને બીજાએ જાણતા નથી.

વળી ક્રિયાશક્તિ પણ સર્વ કાર્ય કરતી હોવા છતાં પણ આ કેવા સ્વભાવની છે એમ જાણતા નથી.

તેથી બીજો કોઇ જગત રચવાનું કરે એ સંભવિત જ નથી. 'પ્રકૃતિથી મોહ પામેલા' વિશેષણથી પોતે અતીથી પણ મોહ પામે છે તેઓ જ અજ્ઞ હોય છે. તે સૃષ્ટિ કેવી રીતે કરી શકશે? એવો ભાવ છે.(૧૫)

એમ વેદમાં પ્રસિદ્ધ ભગવાનનું મહાત્મ્ય કહી હવે પ્રત્યક્ષથી સિદ્ધ થતું મહાત્મ્ય કહે છે.

यः सप्तहायनः शैलमुत्पाटयैकेन पाणिना ।
दधार लीलया बाल उच्छिलीन्ध्रमिवार्भकः ॥१६॥

जरासन्धादिजयस्त्वतिदेशेनैव प्राप्तः । अलौकिकस्तु वक्तव्यः । तत्र पर्वतोद्धरणं लोके अत्याश्चर्यमिति, वयःप्रकारादीनां सुतरामत्याश्चर्यहेतुत्वमुच्यते

। सप्तहायनः सप्तवार्षिकः, तत्रापि शैलं गोवर्धनमेकेन पाणिना उत्पाटय दधारेति । मन्दरधारणशदप्यधिकः प्रयत्न उक्तः । एकेनैव पाणिना दधार, तत्र तु पृष्ठेनेति विशेषान्तरम् । लीलया अङ्गुल्यादिषु वेणुनादानुगुणतया स्थापयन् दधारेति तृतीयो विशेषः । एतदपि धारणं न गोकुलसंरक्षार्थम्, अन्यथा साधनपरतंत्रः स्यात्, इन्द्रभयाद्वा तथा कृतवानित्यपि शङ्केत, लीलयैव कृतवानित वक्तुं दृष्टान्तमाह उच्छिलीन्ध्रमिवेति । छत्राकमिव उर्भको वालकः ॥१६॥

एवं माहात्म्यमुक्त्वा कृतं स्वापराधं दूरीकर्तुं भगवन्तं नमस्यति नमस्तस्मै भगवत इति ।

<u>શ્લોકાર્થ-૧૬ :</u> *જે સાત વર્ષના બાળકે એક હાથથી પર્વતને ઉખાડીને જેમ બાળક બિલાડીના રોપને ધારણ કરે તેમ રમતથી ધારણ કર્યો. (૧૬)*

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> એમ કહેવામાં આવે છે કે સાત વર્ષના હતા ત્યારે ગોર્વધન પર્વતને એક હાથથી ઉપાડીને ધારણ કર્યો. તે પ્રસંગે મંદરને તો પીઠ ઉપર ધારણ કરેલો તેથી પણ વધારે ઉદ્યમ ગોર્વધનને એક જ હાથથી ધારણ કર્યો. મંદરને તો પીઠ પર ધારણ કરેલો એ ભેદ છે. 'રમતથી' એટલે જેમ વેણુને આંગળીઓથી ધારણ કર્યો. એવો બીજો ભેદ છે. અને આ ધારણ કરવાનું કારણ તો ગોકુલનું રક્ષણ કરવા કર્યું ન હતું અને ઇંદ્રને ભય પમાડવા કર્યું એવી શંકા પણ થાય પણ આ તો ભગવાને રમતથી કરેલું એમ કહેવા જેમ 'બાળક બીલાડાના રોપને ધારણ કરે' તેમ એવું દષ્ટાંત આપેલ છે. (૧૬)

એ પ્રમાણે મહાત્મ્ય કહીને પોતે કહેલ અપરાધ દૂર કરવા ભગવાને નમસ્કાર કરે છે.

नमस्तस्मै भगवते कृष्णायाद्भुतकर्मणे ।
अनन्तयादिभूताय कूटस्थायात्मने नमः ॥१७॥

अचिन्त्यैश्वर्यत्वात् अन्यथाज्ञात्वा कृतोपराधः, अतः क्षन्तव्य इति । कृष्णायेति । भक्तहितार्थमेवावतीर्णत्वमुक्तम् । किञ्च । भगवदिच्छा एतादृशीति

VIBRANT PUSHTI * VADODARA *

हतः सत्राजित्, तदधुना विपरीतमापतितम्, अनुग्रहं कुर्वन् निग्रहं करोति । एतद्वा विपरीतम् । तदाह अद्भुतकर्मणे इति । अशक्यः प्रतीकार इति वक्तुमाह आदिभूतायेति । न कस्याप्यपराधोऽपीति सूचितम् । कूटस्थायेति दोषाभावः । न केनाप्यपराधः कर्तुं शक्य इत्यपि सूचितम् । परमामुपत्तिमाह सर्वदोषपरिहाराय आत्मने नम इति ।

<u>શ્લોકાર્થ-૧૭ :</u> અદ્‌ભૂત કર્મ કરનાર, અનન્ત, મૂળપુરૂષ, વિકારરહિત આત્મારૂપ તે ભગવાન શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરૂં છું. (૧૭)

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> ભગવાનનું ઐશ્વર્ય ચિંતન કરી શકાય તેવું નહિ હોવાથી તે ક્ષમા કરવા યોગ્ય છે.

'શ્રીકૃષ્ણને' શબ્દથી ભકતોનું હિત કરવા જ તે અહીં અવતરેલા છે. 'અદ્‌ભૂત કર્મ કરનાર' શબ્દથી વિશેષણ છે. 'મૂલપુરૂષરૂપ' શબ્દથી વેર લઈ શકાય એવા નથી' વિકાર રહિત શબ્દથી તેમનામાં કોઈ દોષ નથી એમ સૂચવેલું છે. 'આત્મારૂપને નમસ્કાર' શબ્દથી દોષ દૂર થાય છે.(૧૭)

प्रत्याख्यातः स तेनापि शतधन्वा महामणिम् ।
तस्मिन् न्यस्याश्वमारुह्य शतयोजनगं ययौ ॥१८॥

एवं तेनापि सर्वथा युद्धं निवारयितुं प्रत्याख्यातः पलायनप्रेप्सुः स मणिर्यत्र क्वापि वधं प्राप्स्यतीति मणिं तस्मिन् स्थापयित्वा शतयोजनगं सैन्धवमश्वमारूह्य ययौ ॥१८॥

ग्रामाद्रात्रावेव निर्गतः । न्यासो न देय इति ज्ञापितम् । तस्मिन् मृते तदीयाः प्राप्स्यन्तीति भगवते मणिं प्रयच्छति, महामणित्वात् दातुमपि न शक्यः । अद्भुतकर्मत्वान्न ग्रहीष्यतीत्यपि सूचितम् । अतः स्थापयित्वैव पलायनमेवोचितम् । ततो लोके पलायितः शतधन्वा एकेन दिनेन शतयोजनानि गत इति द्वितीयदिवसे लोकवार्ता निर्गता, तदा भगवान् यत् कृतवांस्तदाह गरुडध्वजमारुह्येति ।

શ્લોકાર્થ-૧૮ : તે શતધન્વા, તેણે પણ મદદ કરવા ના પાડેલો ભારે મણિની તેને સોંપણી કરી એક સો યોજન દોડનાર ઘોડા ઉપર બેસી નાઠો. (૧૮)

સુબોધિનીજી, ભાવાર્થ : એવી રીતે તેણે પણ સર્વ પ્રકારે યુદ્ધથી અટકાવવા ના પાડેલો નાસી જવાની ઈચ્છાવાળો થઈ મણિની તેને સોંપણી કરી, એક સો યોજન દોડનાર સિંધના ઘોડા ઉપર બેસી નાઠો. જેની પાસે આ મણી હસે તે હરકોઈ સ્થળે મૃત્યુ પ્રાપ્ત થશે એમ વિચારી નાઠો. ગામમાંથી રાતે જ નીકળી ગયો. સોંપણી કરી એટલે ભગવાનને આપવાનો નથી એમ જંણાવ્યું.તે શતધન્વા મરણ પામે ત્યારે તેના વારસોને પ્રાપ્ત થાય એવા વિચારથી અક્રૂર ભગવાનને મણિ આપશે નહિ. મણિ કિંમતી હોવાથી તે આપી શકાય તેવા પણ ન હતો.

ભગવાન અદ્‌ભૂત કર્મ કરનાર હોવાથી તે લેશે નહિ એમ પણ સૂંચવેલું છે. તેથી સોંપણી કરીને જ નાસી જવું એજ યોગ્ય હતું. (૧૮)

પછી બીજે દિવસે લોકમાં એવી લોકવાર્તા બહાર આવી કે નાસી ગએલો શતધન્વા એક દિવસમાં એકસો યોજન જતો રહેલ છે ત્યારે ભગવાને જે કર્યું તે હવે કહે છે.

VIBRANT PUSHTI VADODARA

गरुडध्वजमारुह्य रथं रामजनार्दनौ ।
अन्वयातां महावेगैरश्वै राजन् गुरुद्रुहम् ॥१९॥

तस्मिन्नेव दिवसे चेद्गच्छेत्, तदा निकट एवोपलम्भः स्यात् । द्वितीये दिवसे मध्याह्ने निर्गतः । तावता स योजनानां शतद्वयमतिक्रम्य गतः । भगवान् पुनः रथान्तरं शीघ्रगामि न भवतीति, अलौकिकं च न कर्तव्यमिति, गरुडध्वजमेव रथमारूहय एकस्मिन्नेव सर्वसामग्री गृहीत्वा, प्रमाणाद्यपेक्षां परित्यज्य, रामजनार्दनौ ससाधनपूर्णप्रयत्नो महावेगैः अश्वैः सैन्यादिभिः कृत्वा अन्वयाताम्, पृष्ठतो मारणार्थमनुगतौ । अवश्यं तथागमने हेतुः गुरुद्ध्रुहमिति । गुरुः श्वशुरः पञ्चानां मध्ये गणितः । तस्मै द्रोहं कृतवानिति । राजन्नित्यालस्याभावाय शौर्यं कथयन् सम्बोधयति । गुरुद्रोहकथनेनान्यदपि सूचितम् । प्रपन्नं विरथं भीतं न

रिपुं हन्ति धर्मविदिति पक्षः परिहृतः ॥१९॥

तावता सः मिथिलानगरपर्यन्तं गत इति तत्र मारित इति वक्तुं तस्योपलम्भाह मिथिलाया इति ।

<u>શ્લોકાર્થ - ૧૯ :</u> હે રાજન ! ગરૂડ જેની ધજા ઉપર છે તેવા રથમાં બેસીને ઘણી ઝડપવાળા ઘોડાઓ સાથે બલભદ્ર અને શ્રીકૃષ્ણ ગુરૂનો અપરાધ કરનારની પાછળ ઉપડયા.(૧૯)

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> જો ભગવાન તેજ દિવસે તેની પાછળ જાય તો તેનો ભેટો નજીકમાં થાય તેથી ભગવાન મધ્યાન્હે નીકળ્યા. તેટલામાં તે બસો યોજન નીકળી ગયો છતાં બીજો રથ ઝડપથી જાય નહિ તેથી અને અલૌકિક કાર્ય કરવું એ યોગ્ય નહિ હોવાથી, ગરૂડધ્વજ રથમાં બેસીને રથમાં બધી સામગ્રી લઈને પાછળ પડયા.

બલભદ્ર અને શ્રીકૃષ્ણ એટલે સાધન સહિત પૂર્ણ પ્રયત્ન ઘણી ઝડપવાળા ઘોડાઓ સાથે સૈન્ય વિગેરેથી પાછળ ઉપડયા. તે પ્રમાણે જવાનું અવશ્ય કારણ 'ગુરૂનો અપરાધ કરનારની' શબ્દથી કહેલું છે. ગુરૂ એટલે સાસરો, પાંચ ગુરૂઓ પૈકી ગણવામાં આવે છે. તેનો અપરાધ કરેલો તેથી તેની પાછળ ઉપડયા.

આળસ ન થાય તે માટે શૌર્યની કથા કહેતાં હે રાજન ! એવું સંબોધન કરે છે. ગુરૂનો અપરાધ કહ્યો. તેથી બીજું પણ સૂચવ્યું છે. શરણે આવેલા, રથ રહિત કરેલા, ભય પામેલા શત્રુને ધર્મને જાણનાર હણતો નથી. એ મતનો નિરાશ કરેલો છે.(૧૯)

તેટલા સમયમાં તે મિથિલા નગરી સુધી ગયો. તેથી તેને ત્યાં હણ્યો એમ કહેવા તેનો ભેટો થયો એમ નીચેના શ્લોકથી કહે છે.

मिथिलाया उपवने विसृज्य पतितं हयम् ।
पद्भ्यामधावत्संत्रस्तः कृष्णोऽप्यनवद्द्रुषा ॥२०॥

अतिदूरगमनात हयस्य श्रमात् पातः । ततः पद्भ्यां धावनम् । ततो

भगवानपि रथेनानुगमनं निषिद्धमिति स्वयमपि पदातिरेव भूत्वानुगत इत्याह कृष्णोऽपीति ॥२०॥

<u>શ્લોકાર્થ -૨૦ :</u> *મિથિલાની વાડીમાં પડી ગએલા ઘોડાને તજી, ભયભીત થએલો તે પગથી દોડવા લાગ્યો. શ્રીકૃષ્ણ પણ ક્રોધથી તેની પાછળ દોડયા. (૨૦)*

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> ઘણું દૂર જવાથી, શ્રમને લીધે ઘોડો પડી ગયો. તેથી પગથી દોડવા લાગ્યો. તેની પાસે જવામાં રથની મનાઈ હોવાથી, ભગવાન પણ પોતે પગથી ચાલનાર બની તેની પાછળ દોડયા. એમ કહેલું છે.

VIBRANT PUSHTI
VADODARA

पदातेर्भगवांस्तस्य पदातिस्तिग्मनेमिना ।
चक्रेण शिर उत्कृत्य वाससोर्व्यचिनोन्मणिम् ॥२१॥

स्वयमपि पदातिः तस्य पदातेः तिग्मनेमिना अप्रतिहतेन सुदर्शनेन शिरस्तस्योत्कृत्य, धावनसमय एव शरीरं धावमानमेव स्थितम् । शिरस्तु छिन्नमिति । भगवानिति मोक्षदानार्थं तथा कृतवानिति निरूपितम् । अत एव भगवानद्भुतकर्मा बलभद्रः पश्यतीति तत्र मण्यभावं ज्ञात्वापि वाससोः व्यचिनोत् विवेचनने अन्वेषणं कृतवान् ॥२१॥

बलभद्रविचारेण स मारित इति ज्ञात्वापि भगवांस्तथा कृतवान् । मण्यर्थमेव मारणमिति बलभद्रविचारः । सर्वथा मारणीय इति भगवतः । लोकवद्बलभद्रः बहुविधानि वाक्यानि श्रुत्वा मणिसद्भाव एव तस्यापराधं जानीयात् । अन्यथा लोकोन्यथापि वदतीति विश्वासं न कुर्यादत आह भगवान् ।

<u>શ્લોકાર્થ -૨૧ :</u> *પગે ચાલનાર ભગવાને તેના માથાને તીક્ષ્ણ ધારવાળા ચક્રથી કાપીને, તેના કપડામાંથી મણિ શોધવા માંડયો. (૨૧)*

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> પોતે પણ પગે ચાલનાર ભગવાને, પગે ચાલનાર શતધન્વાનું માથું ચક્ર વડે કાપી નાખ્યું અને તેના બે કપડામાંથી મણિ શોધવા માંડયા. તેનું શરીર દોડતું રહ્યું પણ માથું કપાઈ ગયું. એ 'ભગવાન' શબ્દથી કહેલું છે. તેને મોક્ષનું દાન કરવા તેમ કર્યું. તેથી જ ભગવાન

અદ્ભૂત કર્મ કરનાર છે. બલભદ્રના મત પ્રમાણે તેને હણેલો છે. મણિ તેની પાસે ન હતો છતાં ભગવાને તે પ્રમાણે કર્યું. મણિ માટે જ તેને હણવો એવો બલભદ્રનો મત હતો અને તેને સર્વથા હણવો એવો ભગવાનનો મત હતો. મણિ તેની પાસેથી મળી આવે તો જ બલભદ્ર તેનો દોષ માને તેમ ન થાય તો લોકો ખોટું પણ બોલે છે એમ માની વિશ્વાસ ન કરે તેથી ભગવાન કહે છે. (૨૧)

अलब्धमणिरागत्य कृष्ण आहाग्रजान्तिकम् ।
वृथा हतः शतधनुर्मणिस्तत्र न विधते ॥२२॥

अलब्धमणिरग्रजान्तिकमागत्य वृथा हतः शतधनुरिति । सर्वज्ञत्वे भगवतोऽपराधः स्यात् । ज्ञात्वैवान्यत्र गत इति । सर्वकर्तृत्वमपि सर्वज्ञत्वे भविष्यतीति सुतरामेवापराधः स्यात् । ततोऽज्ञाननाटयं कर्तव्यम् । अहतो वृथेत्यपि वाक्यं भवति । गुरुद्रोहात् हत एव सार्थको भवतीति । अन्यथा अकृतनिर्वेशो भवेत् । मणिस्तु न विद्यत इत्युभयत्र समानम् ॥२२॥

ततो बलभद्र एव युक्तयभिज्ञ : भगवन्तमाहेत्याह तत आह बल इति ।

<u>શ્લોકાર્થ - ૨૨ :</u> *મણિ પ્રાપ્ત નહિ થતાં શ્રીકૃષ્ણે મોટાભાઈ પાસે આવીને 'શતધન્વાને નકામો હણ્યો' એમ કહ્યું. તેની પાસે મણિ નથી. (૨૨)*

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> મણિ પ્રાપ્ત નહિ થતાં ભગવાને મોટાભાઈ પાસે આવીને શતધન્વાને નકામો હણ્યો એમ કહ્યું. પોતે સર્વજ્ઞપણું દર્શાવે તો મણિ દ્વારકામાં જ છે. એમ જાણતા હોવા છતાં બીજા સ્થળે ગયા. એવો તેમનો અપરાધ થાય. તેથી ખબર નથી એવો ડોળ કરવો જોઈએ નકામો હણ્યો નથી એવું પણ વાક્ય થાય છે. ગુરૂના અપરાધને લીધે હણ્યો તેમ જરૂરી હતું એમ ન હોત તો તે પ્રાયશ્ચિત કર્યા વિનાનો રહેત. 'મણિ નથી' એ વાક્યનો બંનેમાં સમાન છે.

બલભદ્રે ભગવાનને જે કહ્યું તે હવે નીચેના શ્લોકથી કહે છે.(૨૨)

तत आह बलो नूनं स मणिः शतधन्वना ।
किस्मिंश्चित्पुरुषे न्यस्तस्तमन्वेष्टुं पुरं व्रज ॥२३॥

VIBRANT PUSHTI VADODARA

नूनामति तस्य वाक्यम् । अवश्यं मणिरन्वेष्टव्य: । यदि तत् स्थाने नास्ति. तदा नूनं स मणि: शतधन्वना, शतधन्वन्शब्द: कस्मिंश्चित्पुरुषे, न तु खाते, भार्यादौ वा । पुरुषपदेन महानेव कश्चित्सूचित: । न्यस्त: न्यासप्रकारेण स्थापित: । तत: किं विधेयमित्याकाङ्क्षायामाह तमन्वेष्टु पुरं व्रजेति । नतु स्वगृहे गन्तव्यम्, कार्यं न जातमिति ॥

स्वस्यान्यथा विनियोगमाह अहं विदेहमिच्छामीति ।

શ્લોકાર્થ -૨૩ : પછી બલભદ્રે કહ્યું ખરેખર ! તે મણિ શતધન્વાએ કોઈક પુરૂષને સોંપેલો છે. તેથી તપાસ કરવા શહેરમાં જાઓ.(૨૩)

સુબોધિનીજી, ભાવાર્થ : ખરેખર ! શબ્દથી મણિની અવશ્ય તપાસ કરવી જોઈએ. જો મણિ શતધન્વાએ કોઈને સોંપેલો છે. કોઈ પુરૂષને સોંપેલો છે. ખાડો ખોદી દાટયો નથી કે કોઈ સ્ત્રીને આપેલો નથી 'પુરૂષ' શબ્દથી કોઈ બળવાન પુરૂષ સૂચવેલો છે. થાપણના પ્રકારથી સોંપેલો છે.

ત્યારે હવે શું કરવું ? તેથી કહે છે કે તેની તપાસ કરવા શહેરમાં જાઓ. પરંતુ કાર્ય પાર પડયું નથી તેથી પોતાને ઘેર જવું નહિ.(૨૩)

अहं विदेहमिच्छामि द्रष्टुं प्रियतमं मम ।
इत्युक्त्वा मिथिलां राजन् विवेश यदुनन्दन: ॥२४॥

भूभारहरणशर्थमुभौ समागतौ । लोकाश्च द्विस्वभावा: । यद्युभावप्येकासक्तौ स्याताम्, तदा पक्षान्तरे वलातिशयं दृष्ट्वा अपरो निवर्तेत, तदनुगुणो वा भवेत् । ततो भूमिभारस्तदवस्थ इति फले उभौ विरूद्धस्वभावौ जातौ । अतो दुर्योधनशिक्षार्थं वलो विदेहनगरे गच्छन् भगवन्तं द्वारकां प्रेषितवान् । इत:प्रभृत्येभवोभयो: शक्तिर्विभक्ता । असम्मतिलीलाप्यन्योन्यं प्रदर्श्यते । अत एवाग्रे भगवद्वाक्यम् । 'किन्तु मामग्रज: सम्यक् न प्रत्येति मणि प्रति'ति । ईश्वरशक्त्योर्विभक्तत्वात् तद्भक्तानामपि बुद्धिर्विभक्तेति अक्रूरभीष्मादीनां भगवद्भिन्नशीलत्वं वर्णितम् । अन्यथोभयविधा: न निरुद्धा भवन्तीति । अतो

बलभद्रप्रकारेण ये निरुद्धाः, ते भगवतो नानुगुणाः । भगवता निरुद्धश्च न बलभद्रानुगुणा इति । अनयोर्विभागे शास्त्रमपि विभक्तमिति ज्ञापयितुं विदेहपदम् । ज्ञाननिष्ठाः प्रियाः बलपक्षे । भक्तिनिष्ठाश्चापरत्रेत्रि गत्वा तद्दर्शनार्थं समुत्सुको जातः । ज्ञानपक्षे वेदमार्गो नात्यन्तमादरणीय इति गरुडध्वजो रथः भगवतैव गृहीतः । बलस्तु रथान्तरं समारुह्य पद्भ्यां वा गत इति निश्चीयते । बलभद्रो नियोगकर्तेति तस्यैव चरित्रं प्रथममाह इत्युक्त्वेति त्रिभिः । मिथिला नाम मथनाज्जातेति, न निर्मितेति कर्मज्ञानोद्भवस्तस्यां सूचितः । यदुनन्दन इति तदर्थमेव भगवदवतार इति तथाकरणमुचितमिति ज्ञापितम् ॥

ततो राजकर्तृकमभिनन्दनमाह तं दृष्ट्वेति ।

<u>શ્લોકાર્થ - ૨૪ :</u> *હું મને સર્વથી પ્રિય વિદેહને મળવા ઈચ્છું છું એમ કહીને હે રાજન્! યદુનંદને મિથિલામાં પ્રવેશ કર્યો. (૨૪)*

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> ભૂમીનો ભાર હણવા માટે અવતાર લીધેલો છે. ભૂમીનો ભાર તેજ સ્થિતિમાં રહે તેથી બંને કુલના સબંધમાં વિરૂધ્ધ સ્વભાવવાળા થયા. તેથી દુર્યોધનને શિક્ષણ આપવા વિદેહના નગરમાં જતાં બલભદ્રે ભગવાનને દ્વારકા મોકલ્યા.

મોટાભાઈ મારો વિશ્વાસ રાખતા નથી એવું ભગવાનનું વાક્ય છે. ઈશ્વરની શક્તિનો વિભાગ થતાં તેમના ભક્તોનું બુધ્ધિમાં ભેદ થાય છે. તેથી અક્રૂર અને ભીષ્મ વિગેરેને ભગવાનથી અવળા વલણવાળા દર્શાવેલ છે. જો તેમ ના હોત તો બંનેનો વિરોધ થાત નહિ. ભગવાને જેઓનો નિરોધ કરેલો છે તે બલભદ્રને અનુકુલ નથી એમ જાણવું. બલભદ્રને જ્ઞાનમાં શ્રધ્ધાવાળા પ્રિય છે. બીજા ભગવાનને ભક્તિમાં શ્રધ્ધાવાળા વધું પ્રિય છે. એમ બલભદ્રમાં ક્રિયાશક્તિ અને પરમાનંદ છે. તેથી જ બલભદ્રને વિદેહ વધું તેથી તેની સમીપ જઈને તેના દર્શનની ઉત્કંઠા થઈ. જ્ઞાનપક્ષમાં વેદમાર્ગ ઘણો આદર કરવા યોગ્ય નહિ હોવાથી ગરૂડ ધજાવાળો રથ ભગવાને જ લીધો અને બલભદ્ર બીજા રથમાં બેસીને અગર પગે ચાલીને ગયા એવો નિશ્ચય થાય છે.

મિથિલા નામની નગરી મથનથી તેની અંદર કર્મથી જ્ઞાનથી તેની અંદર કર્મથી જ્ઞાનની ઉત્પત્તિ થયાનું સૂચવ્યું છે. 'યદુનંદન' એ નામથી એમ જણાવે છે કે તે કર્મ દ્વારા જ્ઞાન આપવા માટે જ બલભદ્રનો અવતાર થએલો હોવાથી તે પ્રમાણે કરવું યોગ્ય હતું.(૨૪)

પછી નીચેના શ્લોકથી રાજાએ તેમનું અભિવાદન કર્યું.

तं दृष्टा सहसोत्थाय मैथिलः प्रीतमानसः ।
अर्हयामास विधिवदर्हणीयं समर्हणै : ॥२५॥

अतिप्रियत्वात् न ज्ञापयित्वा गतः । अतोऽन्तः प्रवेशानन्तरमेव दर्शनानन्तरमेव राजा ज्ञातवानिति दृष्ट्वा सहसोत्थायेत्युक्तम् । यतो मैथिलः । दर्शनेनैव प्रीतं मानसं यस्य । एवं देहेन्द्रियातः करणस्थितिरूक्ता । ततस्तस्य कार्यमाह अर्हयामासेति । विधिप्रधान इति विधिवत्पूजां चक्रे । कस्मिन्नप्यंशे पुष्टिर्नास्तीति ज्ञापयितुं अर्हणीयमित्युक्तम् । रामः सर्वैरेव अर्हणीयः, साधनपुरःसरम् , ब्रह्मरूपत्वात् । समर्हणैः सम्यगर्हणयोग्यैः शुद्धैः द्रव्यादिभिः ॥२५॥

एवं पूजानन्तरं तस्य प्रत्यागमनं सम्भाव्य तन्निषेधार्थमाह उवासेति ।

<u>શ્લોકાર્થ-૨૫ :</u> તેમને જોઈને પ્રસન્ન ચિત્તવાળા મૈથેલ એકદમ ઉભા થઈ પૂજા કરવા યોગ્ય પૂજાને યોગ્ય પદાર્થોથી પૂજા કરી.(૨૫)

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u>મૈથિલ સર્વથી પ્રિય હોવાથી તેને ખબર આપીને ન ગયા તેથી અંદર પ્રવેશ કર્યા પછી જ દર્શન થયા પછી જ રાજાને ખબર પડી તેથી 'જોઈને એકદમ ઉભા થઈ' એમ કહેલું છે. કારણ કે આ મૈથિલ હતો. દર્શનથી જ તેનું ચિત્ત પ્રસન્ન થયું. એ પ્રમાણે દેહ, ઇંદ્રિય અને અન્તકરણની સ્થિતિ કહી. પછી વિધિ પ્રમાણે પૂજા કરી. બલભદ્રમાં કોઈ પણ અંશથી પુષ્ટિ ન હતી તે જણાવવા 'પૂજા કરવા યોગ્ય' એમ વિશેષણ કહેલું છે. બલભદ્ર બ્રહ્મરૂપ હોવાથી સાધનો વડે બધાઓએ પૂજા કરવા યોગ્ય જ છે. 'પૂજાને કરવા યોગ્ય' એમ વિશેષણ કહેલું છે. બલભદ્ર બ્રહ્મરૂપ હોવાથી સાધનો વડે બધાઓએ પૂજા કરવા યોગ્ય જ છે. 'પૂજાને યોગ્ય પદાર્થોથી' એટલે સારી

VIBRANT PUSHTI VADODARA

રીતે પૂજા કરવા યોગ્ય શુદ્ધ દ્રવ્યો વિગેરેથી પૂજા કરી.(૨૫)

એ પ્રમાણે પૂજા થયા પછી તે પાછા આવ્યા હશે એવું અનુમાન થાય તેથી તેમ થયું ન હતું તે શ્લોકથી કહે છે.

उवास तस्यां कतिचिन्मिथिलायां समा विभुः ।
ततोऽशिक्षद्गदां काले धार्तराष्ट्रः सुयोधनः ॥२६॥
मानितः प्रीतियुक्तेन जनकेन महात्मना ।

राजगृहे स्थितिव्यावृत्त्यर्थं तस्यामिति । कतिचित्समा इति वर्षत्रयं किञ्चिदधिकं वा । मर्यादानगरी सेति स्थितौ न कोऽप्युद्वेगः । तत्र तावत्कालं स्थितौ परदेशवासादिक्लेशो भवेदित्याशङ्क्याह विभुरिति । स्थितेः प्रयोजनमाह ततोऽशिक्षदिति । धार्तराष्ट्रः पितुः पुत्रः समर्थः, दुर्योधनोऽपि भगवदिच्छया सुयोधनः, सुष्टु योधनं यस्येति । दुर्योधनपदं यौगिकं मन्यमानः तन्निषेधार्थं विपरीतं प्रयुङ्क्ते । रूढं पदमिति लोके बोधयन् । अतो ज्ञानक्रियाशक्ति तस्य न पुष्टे इति बलभद्रात् गदामशिक्षत् । काले गदाशिक्षणयोग्ये समये । अत्यन्तं पुष्टस्तरुणः गदायां योग्यः । यस्मिन् काले प्रहारः शुष्को भवति, न पूयादिकं सम्पादयति, नाड्यश्च विशकलिता न भवन्ति, स शरदादिः षण्मासः । तस्मिन् काले गदामशिक्षत् । तस्यापि विदेशवासे उद्वेगाभावायाह मानितः प्रीतियुक्तेनेति । यतो जनकः जननात्, अत उत्कृष्टजन्मा, तं कुलीनं मर्यादावन्तमङ्गकृतवान् । बलभद्रसम्बन्धादपि प्रीतिः । स्वभावतोऽपि महात्मा । य एव गृहमागतः, तमाराधयतीति । अतः प्रकारत्रयेण मानितः कायिकादिक्लेशाभावत् अशिक्षत् । शिक्षया गदां ज्ञातवानित्यर्थः ॥२६॥

मर्यादारूपं भगवच्चरित्रमुक्त्वा, पुष्टिरूपमाह केशव इति ।

<u>શ્લોકાર્થ-૨૬ :</u> શક્તિવાળા બલભદ્ર તે મિથિલામાં કેટલાક વર્ષો રહ્યા. પ્રીતિવાળા મહાત્મા જનકથી માન પામેલો ધાર્તરાષ્ટ્ર સુયોધન યોગ્ય સમયે તેમની પાસેથી ગદયુદ્ધ શીખ્યો. (૨૬)

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> રાજાના મહેલમાં રહ્યા ન હતા એમ જણાવવા તે 'મિથિલા' શબ્દ યોજેલ છે. 'કેટલાક વર્ષ' એટલે ત્રણ વર્ષ અથવા કંઈક

વધારે સમય તે મર્યાદા નગરી હોવાથી ત્યાં રહેવામાં કાંઇ દુઃખ ન હતું. તેટલો સમય ત્યાં રહેવામાં 'પરદેશના વસવાટનું દુઃખ થયું હશે' એવી શંકા થાય તેથી 'શકિતવાળા' વિશેષણ યોજેલું છે. ત્યાં રહેવાનું પ્રયોજન પ્રીતિવાળા કહેલું છે. 'ધાર્તરાષ્ટ્ર' એટલે પિતાનો શક્તિમાનપુત્ર દુર્યોધન હોવાછતાં ભગવાનની ઇચ્છાથી સુર્યોધન થયો. 'દુર્યોધન' શબ્દનો વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ હશે એમ માની તેમ ન હતું એમ જણાવવા લોકમાં રૂઢિયોથી એ શબ્દ બોલાતો એમ જણાવતાં સુયોધન શબ્દ યોજેલ છે. તેથી તેની જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ બલવાળી નહિ હોવાથી તે બલભદ્ર પાસેથી ગદા યુદ્ધ શીખ્યો.

'સમયે' એટલે ગદાયુદ્ધ શીખવાના સમયે જે સમયે પહાર સૂકાઇ જાય, પરૂ વિગેરે થાય નહિ અને નાડીઓ તુટી ન જાય તે અત્યન્ત પુષ્ટ તરૂણ શરદ ઋતુથી આરંભી છ માસનો સમય ગદા શીખવામાં ઉત્તમ છે. તે સમયે તે ગદાયુદ્ધ શીખ્યો. તેને પરદેશ વસવાનું દુઃખ થયું ન હતું એમ જણાવવા 'પ્રીતિવાળા જનકથી માન પામેલો' વિશેષણ યોજેલું છે. કારણ કે તે જન્મથી જ 'જનક' હતો. તેથી ઉત્તમ કુલમાં જન્મેલા મર્યાદાવાળા કુલવાન સુયોધનનો સ્વીકાર કર્યો. બલભદ્રના સબંધને લીધે પણ તેની ઉપર પ્રીતિ હતી. સ્વભાવથી પણ તે મહાત્મા હતો કારણ કે જે કોઇ તેને ઘેર આવતો તેને તે પ્રસન્ન કરતો. તેથી ત્રણ પ્રકારથી માન પામેલો સુયોધન શિક્ષણથી ગદાયુદ્ધ શીખ્યો એવો અર્થ છે. (૨૬)

મર્યાદારૂપ ભગવાનના ચરિત્રનું નિરૂપણ કરી નીચેના શ્લોકથી પુષ્ટિરૂપ ભગવાનનું ચરિત્ર કહે છે.

केशवो द्वारकामेत्य निधनं शतधन्वनः ।
अप्राप्तिं च मणेः प्राह प्रियायाः प्रियकृद्विभुः ॥२७॥

उत्पादकनाशकयोः तुल्यप्रकारेण फलं प्रयच्छतीति पुष्टिस्थो भवति । द्वारकां स्थेनागत्य सत्यभामादीनां सुखार्थं शतधन्वनो निधनम् । तदीयानां सुखार्थं च मणेरप्राप्तिमाह । ननु सर्वेश्वरः विधिकर इव किमित स्वकृतं

VIBRANT PUSHTI VADODARA

निरूपितवानित्याशङ्क्याह प्रियाया: प्रियकृदिति :। एतदप्ययुक्तमिति चेत् । तत्राह विभुरिति । सर्व कर्तुं समर्थः । नैतावता काचित् क्षतिरिति भावः । उभयमपि प्रियायाः प्रियार्थमुक्तवान् । कथं मण्यप्राप्तिः प्रियमित्याशङ्क्य, सामर्थ्यं वा उक्त् ॥२७॥

वैरानुबन्धः आमृत्येरिति शतधनुर्वधानन्तरं प्रीतायां सत्यभायां पश्चात्कारयामस यत्कर्तव्यमित्याह तत इति ।

श्लोकार्थ-२७ : પ્રિયાનું પ્રિય કરનાર શક્તિવાળા કેશવે દ્વારકા આવીને શતધન્વાનું મરણ અને મણિ ન મળવાનું કહ્યું. (૨૭)

સુબોધિનીજી, ભાવાર્થ : ભગવાન મણિ પ્રાપ્ત કરનારને અને ગૂમ કરનારને સરખા પ્રકારથી ફલ આપે છો. તેથી તે પુષ્ટિમાં રહેલા છે. રથથી દ્વારકાં પધારી સત્યભામાને સુખ થાય તે માટે શતધન્વના મરણના અને શતધન્વના સબંધિઓને મણિ નહિ મળવાના સમાચાર કહ્યા.

સર્વના ઈશ્વરે આજ્ઞા ઉઠાવનારની પેઠે એ પ્રમાણે પોતાનું કાર્ય કેમ જણાવ્યું? એવી શંકા થાય તેથી 'પ્રિયાનું પ્રિય કરનાર' શબ્દ યોજેલ છે.

આ પણ યોગ્ય નથી. એવી શંકા થાય તેથી 'શક્તિવાળા' વિશેષણ યોજેલું છે. તે સર્વ કરવા શક્તિવાળા છે. બંને સમાચાર પ્રિયાનું પ્રિય કરવા કહ્યા. અથવા મણિ ન મળ્યો એ પ્રિયાને પ્રિય કેવી રીતે હોય? એવી શંકાથી 'શક્તિવાળા' શબ્દથી તે લાવી આપવાનું સામર્થ્ય છે. 'મૃત્યુ સુધી વેર રહે છે.' એ નિયમ પ્રમાણે શતધન્વાના મરણ પછી સત્યભામા પ્રસન્ન થતાં ભગવાને જે કરવા યોગ્ય હતું તે કરાવ્યું. તે નીચેના શ્લોકથી કહે છે.(૨૭)

ततः स कारयामास क्रिया बन्धोर्हतस्य वै ।
साकं सुहृद्भिर्भगवान्या याः स्युः सांपरायिकाः ॥२८॥

बन्धोः श्वशुरस्य विप्रद्वारा कारणम् । साकं सुहृद्भिरित्यादिलौकिकथनं परलोकेऽपि तस्य नालौकिकं किञ्चित्करोतीति ज्ञापयितुम् । भगवानिति तत्र महती सम्भृतिः सूचिता । सुहृद्भिरिति । तत्करणे सर्वेषामावश्यकता च । या

याः स्युरिति । विधौ आवश्यका अनावश्यकाश्च फलार्थाः सर्वा एव संगृहीताः ॥२८॥

ततो बलभद्रवाक्यान्मण्यन्वेषणार्थं प्रवृत्तः लोकतोऽपि अक्रूरकृतवर्मणोः कृत्यमेतदिति ज्ञात्वा, यदैव लोकानुरोधेन तयोर्निग्रहः प्राप्तः, तदैव भगवदिच्छया तयोर्बुद्धिः पलायनपरा जातेत्याह अक्रूर इति ।

<u>શ્લોકાર્થ - ૨૮ :</u> **પછી મરણ પાછલની જે જે ક્રિયાઓ છે તે પોતાના હણાએલા બંધુની ક્રિયાઓ સબંધિઓ પાસે ભગવાને કરાવી.(૨૮)**

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> બંધુની એટલે સસરાની મરણ ક્રિયાઓ વિપ્ર મારફત કરાવી. સબંધિઓ સાથે મળીને કરાવી. લૌકિક અને પરલોકમાં પણ ભગવાન તેનું કાંઇ અલૌકિક કરવાના નથી. 'ભગવાન' શબ્દથી તે ક્રિયાઓ બહુ ધામધૂમથી કરાવી એમ સૂચવે છે. 'સબંધિઓ સાથે રહીને' શબ્દોથી બધાની હાજરી જરૂરી સૂચવી છે. 'જે જે છે' શબ્દોથી જરૂર અને જરૂર વીનાની બધીએ ક્રિયાઓનો ફલ પ્રાપ્તિ માટે સમાવેશ કરેલો છે.(૨૮)

પછી બલભદ્રના વાક્ય પ્રમાણે ભગવાને મણિ શોધવાની પ્રવૃતિ કરી. આ અકુર અને કૃતવર્માનું કૃત્ય છે. એમ લોકથી પણ જાણીને, લોકની ઇચ્છા પ્રમાણે તેઓને પકડવાનું નક્કિ કર્યું. ત્યારે જ ભગવાનની ઇચ્છાને લીધે તેઓની નાસી જવાની બુદ્ધિ થઇ તે નીચેના શ્લોકથી કહે છે.

अक्रूरः कृतवर्मा च श्रुत्वा शतधनोर्वधम् ।
व्यूषतुर्भयवित्रस्तौ द्वारकायाः प्रयोजकौ ॥२९॥

शतधनोर्वधं श्रुत्वा स्वस्यापि तदन्तःपातित्वात् मणिमारणावेव प्रयोजकाविति भगवत्प्रयत्नात्पूर्वमेत भगवच्छक्तेर्विभक्तत्वात् भयवित्रस्तौ- व्यूषतुः । मिषेण परदेशे निर्गतौ । तयोर्निर्गमनमात्रेणैव पलायनं सर्वजनीनं जातमिति व्यूषतुः । मिषेण परदेशे निर्गतौ । तयोर्निर्गमनमात्रेणैव पलायनं सर्वजनीनं जातमिति तौ विशनष्टि द्वारकायाः प्रयोजकाविति । एको लोकतः, अपरो वेदतश्चावेक्षकौ कोटिवारकधर्माध्यक्षौ ॥२९॥

VIBRANT PUSHTI VADODARA

भगवानेवात्रार्थे निमित्तमिति साधनशक्तिः भगवतान्यत्र स्थापितेति प्रयोजकमणि बलभद्राणां दुष्टनिवारणसत्साधनसम्पादकानामाधिभौतिका-दीनामन्यत्र गमने फलरूपस्यैव भगवतो विद्यमानत्वेऽपि सर्वेषां द्वारकावासिनां पीडा उत्पन्नेत्याह **अक्रूरे प्रोषिते** इति ।

શ્લોકાર્થ - ૨૯ : શતધન્વાના વધનું શ્રવણ કરીને, વધ કરાવનાર દ્વારકાની સંભાળ રાખનાર અક્રૂર અને કૃતવર્મા ભયને લીધે ત્રાસ પામી નાસી ગયા. (૨૯)

સુબોધિનીજી, ભાવાર્થ : શતધન્વાના વધનું શ્રવણ કરીને, મણિ જ તેના વધનું કારણ હોવાથી અને અક્રૂર અને કૃતવર્માનો તેમનો પોતાનો તેમાં સમાવેશ હોવાથી, ભગવાનની શક્તિનો વિભાગ થએલો હોવાથી, ભગવાનન તેમને પકડે તે પહેલાં તેઓ ભયને લીધે ત્રાસ પામી નાસી ગયા. એટલે બીજું કાઢી પરદેશ જતા રહ્યા. તે દ્વારકાથી બહાર ગયા. એટલે નાસી ગયા એ પ્રસિદ્ધ થયું. એ જણાવવા 'દ્વારકાની સંભાળ રાખનારા' શબ્દોથી ઓળખાય છે. એમ લોક અને વેદ પ્રમાણે સંભાળ રાખનાર એટલે કોટિવારક અને ધર્માધ્યક્ષ હતા. આ વિષય તેઓના ભાગવામાં ભગવાન જ કારણભૂત હતા એવો અર્થ જાણવો. (૨૯)

સાધનશક્તિ ભગવાને બલભદ્રમાં રાખેલી તેથી દુષ્ટ ને દૂર રાખનાર અને કલ્યાણના સાધન પ્રાપ્ત કરાવનાર, ધર્મમાં પ્રવૃતિ કરાવનાર મણિ અને બલભદ્ર બીજા સ્થળે જતાં કેવળ ફલરૂપ ભગવાન દ્વારકામાં હોવા છતાં બધા દ્વારકાવાસીઓને દુઃખ થયું. એમ નીચેના શ્લોકમાં કહે છે.

अक्रूरे प्रोषितेऽरिष्टान्यासन्वै द्वरकौकसाम् ।
शारीरा मानसास्तापा मुहुर्दैविकभौतिकाः ॥३०॥

अक्रूरमात्रस्य प्रयोजकत्वं लोकसिद्धम् । सर्वो हि लोकः आधिभौतिक एव व्यवस्थितः । तत्रापि विद्यमानेषु साधनेषु तापदर्शनाल्लौकिकं कृतवर्माणं परित्यज्य धर्माध्यक्षमक्रूमेव प्रयोजकं सर्वोऽपि मन्यते । द्वारकौकसां निश्चयेन सर्वेषां तापाः पीडाः शारीरा मानसाः व्याध्याधिरूपाः मुहुरासन् । आध्यात्मिका एते गणिताः ।

आधिभौतिका आधिदैविकाश्चपुनस्तापा अभवन् । इयं लौकिकी भाषेति नात्र कोऽपि विरोधः शङ्कनीयः । सर्वमेवोत्तरार्धं न समाधिभाषेत्येके । मुहुरिति वारंवारम् । ज्ञानादिना प्रतिकार कृतेऽपि पुनः पुनजार्ययन्त इति । तेऽपि पुनः शरीरे मनस्येव च दुःखं जनयन्तीति तद्विपपत्वेनोक्ता ः ॥३०॥

VIBRANT PUSHTI VADODARA

पूर्ववत्पुनर्लोके विपरीततया कीर्तिर्जातेत्याह इत्यङ्गेति ।

इत्यङ्गोपदिशन्त्येके विस्मृत्य प्रागुदाहृतम् ।

यो हि मणि गृहीत्वा पलायते, तं स्तौति लोकः । यो न गृह्णाति निर्लेपः, तं निन्दतीति लोकः । अतो निन्दां पूर्वाध्याये निरूप्य, स्तुतिमत्र निरूपयति । इति एवं जाते । अङ्ग हे राजन् । एके अभिज्ञाभिमानिनः परमार्थदर्शिनोऽपि प्रागुदाहृतं भगवतो वीर्यविभागं मणिसामर्थ्यं वा विस्मृत्य स्वयं भ्रान्ताः सन्तः एकदेशे पर्यवसितमतयः अन्यानुपदिसन्ति । उभयत्रापि भगवदिच्छा प्रयोजिका, विस्मरणे उपदेशेऽपि।

तेषामुपदेशमाह मुनिवासेति सार्धाभ्याम् ।

શ્લોકાર્થ -૩૦ : અક્રૂર નાસી જતાં દ્વારકાના રહેવાસીઓને આફતો આધિભૌતિક અને આધિદૈવિક, શરીર અને મનનાં દુઃખ વારંવાર થયાં. (૩૦)

સુબોધિનીજી, ભાવાર્થ : એકલા અક્રૂરનું ધર્મમાં પ્રવૃત્તિ કરાવનાર હોવાપણું લોકમાં પ્રસિદ્ધ હતું , કારણ કે બધા લોક આવિભૌતિક છતાં દુઃખ જોવામાં આવવાથી, લૌકિક કૃતવર્માને પડતો મૂકી બધાએ ધર્માધ્યક્ષ અક્રૂરની જ ગણના કરવા લાગ્યા. બધા દ્વારકાવાસીઓને શરીરના અને મનના, વ્યાધિ અને આધિરૂપ દુઃખ વારંવાર થયા. આ અધ્યાત્મિક દુઃખ કહ્યાં.

વળી આધિભૌતિક અને આધિદૈવિક દુઃખો થયા . આ લૌકિક ભાષા હોવાથી આની અંદર કોઈપણ પ્રકારના વિરોધની શંકા કરવી નહિ. કેટલાક એમ કહે છે કે સમગ્ર ઉત્તરાર્ધ સમાધિભાષા નથી. 'मुहुः' એટલે વારંવાર. જ્ઞાન વિગેરેથી ઉપાય કરવા છતાં વારંવાર પીડા થતી એવો અર્થ છે. તેમાં પણ શરીરમાં અને મનમાં દુઃખ ઉત્પન્ન કરતી તેથી તેવાં વિશેષણો કહેલ છે. (૩૦)

પહેલાંની પેઠે લોકમાં ફરી ભગવાનની અપકિર્તિ થઈ એમ નીચેના શ્લોકથી કહે છે.

मुनिवासनिवासे किं घटतारिष्टदर्शनम् ॥३१॥
देवेऽवर्षति काशीशः श्वफल्कायागताय वै ।
स्वसुतां गान्दिनीं प्रादात्ततोऽवर्षत्स्म काशिषु ॥३२॥
तत्सुतस्तत्प्रभावोऽसावक्रूरे यत्र यत्र ह ।
देवोऽभिवर्षते तत्र नोपपाता न मारिकाः ॥३३॥

मुनिरयमक्रूरः, तस्य वासरूपे निवासे स्थितौ, गृहं कृत्वा चिदभिमानेन मुनिस्तिष्ठतीत्यर्थः । तत्र अरिष्टदर्शनं न घटेत । तस्य मुनित्वमुपपादयन्ति देवेऽवर्षतीति । पूर्वं काशिराजः अवर्षति देवे अनावृष्ट्या पीडितः श्वफल्काय प्रसङ्गादेवागताय स्वसुतां महादेवादिवाक्यात् गान्दिनीं प्रादात् । ततः काशिषु काशीप्रदेशेषु देवो वर्षति स्म । स्मेति प्रसिद्धे । अवर्षदिति । किमतो यद्येवम्, तत्राह तत्सुत इति । वर्षपर्यन्तं प्रत्यहं गोदाने क्रियमाणे अपुत्रस्य काशिराजस्य कन्या संजाता । ततो श्वफल्कसुतो वा । तयोर्यावान् प्रभावः, तावत्प्रभावयुक्तो भवितुमर्हति । असाविति । तथैव दृश्यते । आविर्भूतो वा । तत्राधिकभक्तौ भगवांस्तद्रूपेण भासत इति न काप्यनुपपत्तिः । यत्र यत्राक्रूरः अर्थात्तिष्ठतीति पूर्वोक्तन्यायेन तत्र देवोभिवर्षत इति पितृसामर्थ्यसम्बन्ध : । नोपपाता इति मातृसामर्थ्यम् । भक्त्या उपलब्धत्वात् तस्याः साधारणोऽपि प्रभावः अतिरिक्तः तमाह न मारिका इति । तामस्यः पूतनादिशक्तयो मारिकाः । सात्विके भगवद्भक्ते न सन्निहिता भवन्तीति युक्तमेव । उपपाताः पातकान्युत्पाता वा । गोदानस्य तथा प्रभावो निरूपित इति । हेत्याश्चर्ये । प्रभावोऽपि कथं कार्ये संजात इति, तत्राप्युभयोः, ततोऽपि विशिष्टश्चेति ॥३३॥

ननु विद्यमाने भगवति अन्योत्कर्षवचनानि भ्रान्तानीति चेत्, तत्राह इति वृद्धवचः श्रुत्वेति ।

<u>શ્લોકાર્થ - ૩૧ :</u> હે રાજન ! એ પ્રમાણે થતાં પહેલાં કહેલું ભૂલી જઈ કેટલાક

નીચે પ્રમાણે ઉપદેશ કરવા લાગ્યા. (૩૧)

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> કારણ કે જે મણિ લઈને તેનું પાલન કરે છે. તેની લોક સ્તુતિ કરે છે. જે મણિ નથી લેતા અને જે નિર્લેપ રહે છે. તેની લોક નિંદા કરે છે. તેથી ગયા અધ્યાયમાં નિંદાનું વર્ણન કરીને અહીં સ્તુતિનું વર્ણન કરે છે.

હે રાજન્ ! એ પ્રમાણે થતાં બીજાના મનને જાણવાની શક્તિના અભિમાનવાળા કેટલાક અને સત્ય સ્થિતિ જાણનારા અને જોનારા પણ ભગવાનના વીર્યનો વિભાગ અથવા મણિનું સામર્થ્ય પહેલાં કહ્યું તે ભૂલીને, પોતે મૂર્ખ થઈ, બુદ્ધિ ગુમાવી બીજાઓને ઉપદેશ કરવા લાગ્યા. આ બંને વિષયમાં ભગવાનની ઈચ્છા તેમની પ્રવૃત્તિ કરાવનારી હતી.

નીચેના અઢી શ્લોકથી તેઓએ કરેલ ઉપદેશ કહે છે.(૩૧)

<u>શ્લોકાર્થ -૩૨ :</u> મુનિના વાસરૂપ સ્થાનમાં આફતો દેખાય તે યોગ્ય છે? વરસાદ વરસતો ન હતો ત્યારે કાશી રાજાએ ત્યાં આવેલા શ્વફલ્કને પોતાની પુત્રી ગાન્દિની આપી . પછી કાશીમાં વરસાદ વરસ્યો. તેમનો પ્રભાવવાળો પુત્ર આ અક્રુર છે. જ્યાં જ્યાં તે હોય છે ત્યાં વરસાદ વરસે છે. આફતો થતી નથી. મરકી પણ થતી નથી. (૩૨-૩૩)

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> આ અક્રૂર મુનિ છે. તેના સ્થાનમાં એટલે જે સ્થાનમાં તે રહે છે ત્યાં એવો અર્થ છે. ત્યાં આફતો દેખાય તે યોગ્ય નથી. બત્રીસ અને તેત્રીસમા શ્લોકથી તેનું મુનિપણું સિદ્ધ કરે છે. પહેલાં વરસાદ વરસતો ન હતો ત્યારે દુષ્કાળથી પીડાયેલા કાશીના રાજાએ ત્યાં આવેલા શ્વફલ્કને, મહાદેવના કહેવાથી,પોતાની પુત્રિ ગાન્દિની આપી ત્યારપછી કાશીમાં વરસાદ વરસ્યો. આ વાત પ્રસિદ્ધ છે. એ 'स्म' શબ્દથી ત્યાં જણાવેલ છે. વરસાદ વરસ્યો એવો અર્થ છે.

એમ હોય તેથી શું? એવી શંકા થાય તેથી તેત્રીસમાં શ્લોક કહેલ છે. એક વર્ષ સુધી ગૌદાન કર્યુ ત્યારે કાશીના રાજાને પુત્રી થઈ. પછી બાર વરસ સુધી તેના હાથથી એક એક ગાયનું રોજ દાન કરાવ્યું તેવી ગાન્દિની હતી. તેનો પુત્ર

VIBRANT PUSHTI VADODARA

એટલે શ્વફલ્કનો પુત્ર અક્રુર છે. તે બેનો જેટલો પ્રભાવ હતો. તેટલો પ્રભાવવાળો અક્રૂર હોય એ યોગ્ય જ છે. 'આ' શબ્દથી પ્રગટ થયો એમ દેખાડે છે. તેથી જ્યાં અક્રૂર રહે છે ત્યાં ત્યાં પહેલાં કહેલ મુજબ વરસાદ વરસે છે. તે તેના પિતાના સામર્થ્યનો સંબંધ જણાવ્યો. ત્યાં આફત્તો થતી નથી તે માતાનું સામર્થ્ય જણાવ્યું. તે ભક્તિથી પ્રાપ્ત થએલી હોવાથી તેનો પ્રભાવ ઘણો હતો. ત્યાં મરકી થતી નથી એમ કહેલ છે. મરકી પુતના વિગેરે તામસ્ શક્તિઓ છે. ભગવાનનો સાત્ત્વિક ભક્ત હોય તેની પાસે તે આવે જ નહિ એ યોગ્ય જ છે. 'उपपाताः' એટલે પાપો અથવા આફતો દૂર થાય છે એ ગૌદાનનો પ્રભાવ જણાવ્યો એવો અર્થ છે. 'ह' શબ્દથી અક્રૂરમાં માતપિતાનો પ્રભાવ દર્શાવેલ છે. (૩૨-૩૩)

ભગવાન હોય ત્યારે બીજાની સરસાઈના વચનો ખોટા છે. એવો વિચાર થાય તેથી નીચેના શ્લોકથી કહે છે.

इति वृद्धवचः श्रुत्वा नैतावदिह कारणम् ।
इति मत्वा समानाय्य प्राहाक्रूरं जनार्दनः ॥३४॥

वृद्धा आदरणीयाः यथोपश्रुतिः पूर्वं प्रश्नाद्भगवता श्रुता, तथेदमपि श्रुत्वा तद्दोषनिराकणार्थं प्रयत्नः कर्तव्यः । तत्र लोका अर्थं भ्रान्ता बलभद्रं मणिं च कारणत्वेन न जानन्तीति, भगवान् पुनः विमृश्यकारी तथैव कृतवानिति वक्तुमाह नैतावदिह कारणमिति । इह आध्यात्मिकादितापेषु एतावदेव न कारणम्, किन्तु अन्यदप्यस्तीति तदनुक्त्वा इति निश्चित्य, सम्यक् चिन्तयित्वा दूतैः अक्रूरं सामानाय्य समानाय्य, अमारणार्थमभयं दत्वा, जनार्दनो लोकानामविद्यादिसर्वदुःखनाशकः मणिं प्रकटयितुं तमाहेति सम्बन्धः । स अक्रूरः प्रयागे च मरणं निश्चित्य तीर्थमाश्रित्य स्थितः । यदि भगवान् शतधन्वामिव मारयिष्यति, तदात्रैव प्रयागादौ मायरत्वित परलोकप्रेप्सुः । भगवांश्च क्लिष्टं न करोतीति, मणिमन्यथापि दास्यतीति, तथापि सत्यभामाप्रतिनिधित्वेन अक्रूरायैव मणिर्देय इति भगवान्निश्चित्य मौशलेनैव तं मारयितुं तथा कृतवान् । नह्यस्मत्स्वामी जीवैर्निश्चिते ज्ञाते वा प्राकृत इव तन्मन्युं गृह्णाति । सात्यकिरपि प्रायोपविष्टं मारयति । तक्षक इव वा भक्षयति । मृत्युरिव वा हन्ति । तस्माद्

क्लिष्टकर्मा भगवान् समाहूयैव प्राह ॥३४॥

શ્લોકાર્થ- ૩૪ : એવું વૃધ્ધોનું વચન સાંભળીને 'આનું આટલું કારણ નથી' એમ વિચારી અક્રૂરને તેડાવી જનાર્દન બોલ્યા. (૩૪)

સુબોધિનીજી, ભાવાર્થ : વૃધ્ધો માન આપવા યોગ્ય છે. જેમ પહેલા ભગવાને ઉપશ્રુતિ પાછળથી સાંભળેલી તેમ હમણાં પણ એવું વચન સાંભળીને તેમાં રહેલો દોષ દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. એ પ્રસંગે અડધા ભ્રાંત થયેલા લોકો બલભદ્રને અને મણિને કારણ તરીકે જાણતા ન હતા. તેથી ભગવાને તેમજ કર્યું, કારણનો વિચાર કરી સમાધાન કર્યું એ જણાવતા આટલું કારણ નથી' શબ્દો યોજેલ છે. 'આ' એટલે આધ્યાત્મિક એવો નિશ્ચય કરી, સારી રીતે ચિંતન કરી, દૂતો મારફત અક્રૂરને તેડાવી, તેને હણવામાં નહિ આવે તેમ અભય વચન આપીને જર્નાદને મણિને પ્રગટ કરાવવા તેની સાથે બોલ્યા. એવા વાક્યનો સંબંધ છે. કારણ કે અક્રૂર પ્રયાગ અથવા કાશીમાં મરવાનો નિશ્ચય કરીને તીર્થનો આશ્રય કરીને રહેલો હતો. જો ભગવાન શતધન્વાનની માફક તેને હણે તો અહીં પ્રયાગમાં જ હણે એમ તે પરલોક પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો હતો. વળી ભગવાનને કલેશવાળું કર્મ કરવું નથી. તેમ ન કરવામાં આવે તો પણ અક્રૂર મણિ આપવાનો છે. છતાં પણ સત્યભામાના પ્રતિનિધિ તરીકે મણિ અક્રૂરને જ આપવાનો છે. એવો નિશ્ચય કરીને મુશલથી જ તે હણાય તે માટે તેમણે તે પ્રમાણે કર્યું. અક્રૂરને બોલાવી તેની સાથે બોલ્યા કારણ કે 'જીવોએ જે નિશ્ચય કરેલો હોય તે વિષયમાં આપણા સ્વામી હલકા પુરૂષની પેઠે તેના ઉપર ક્રોધ કરતા નથી' જે મરવા બેઠેલ હોય તેને સાત્યકીની પેઠે હણતા નથી. તક્ષકની માફક ભક્ષણ કરતા નથી. અથવા મૃત્યુની પેઠે હણતા નથી. તેથી કલેશ વગર કર્મ કરનાર ભગવાન તેને તેડાવીને જ બોલ્યા. (૩૪)

पूजयित्वाभिभाष्यैनं कथयित्वा प्रियाः कथाः ।
विज्ञाताखिलचित्तज्ञः स्मयमान उवाच ह ॥३५॥

किञ्च । पूजयित्वा पितृव्यत्वेन । अभिभाष्य साधु समागतोऽसीति

VIBRANT PUSHTI * VADODARA *

कुशलप्रश्नं कृत्वा। ततो यथा मनः परितुष्टं भवति, तथा प्रियाः कथाश्चोक्त्वा शरीरेन्द्रियान्तः करणानां त्रिविधसत्कारेण सुखं दत्त्वा। याचिते प्रदर्शयिष्यतीति निश्चित्य। तत्र हेतुमाह विज्ञाताखिलचित्तज्ञ इति। एतज्ज्ञानमेवाक्रूरस्य प्रदर्शनाद्यङ्गीकारे हेतुरिति तन्निरूपितम्। भक्तो भूत्वा पूर्वं मार्गपांसुष्वपि विलुठन् इदानीं सङ्गवशादेवं जात इति स्मयमानः। हेत्याश्चर्ये। यस्माद्यो बिभेति, यो वा दण्ड्यः, स प्रसादपात्रमिव परिभाष्यत इति ॥३५॥

भगवद्वाक्यमाह ननु दानपते इति चतुर्भिः।

श्लोकार्थ-૩૫ : *પૂજા કરી, તેનું કુશલ પૂછી, પ્રિય કથાઓ કહીને હસતાં નીચે પ્રમાણે કહ્યું. (૩૫)*

સુબોધિનીજી, ભાવાર્થ : વળી પિતરાઈ તરીકે તેની પૂજા કરીને તેના ક્ષેમકુશળ છોને? એમ પ્રશ્ન કરી તેના મનને સંતોષ થાય તેવી રીતે પ્રિય વાતો કહી, શરીર, ઈંદ્રિય અને અન્તઃકરણના ત્રણ પ્રકારના સુખ આપીને મણિની માગણી કરતાં તે દેખાડશે એ નિશ્ચય કરીને કહ્યું 'તે સર્વ ચિત્ત જેમણે જાણેલું છે.' એ વિશેષણથી કહેલું છે. મારો ભકત થઈને પહેલાં મારા રસ્તાની ધૂળમાં પણ આળોટતો હતો પણ હમણાં સંગને લીધે આવો વિરૂધ્ધ થઈ ગયો છે. એમ હસતાં ભગવાને કહ્યું. જેનાથી જે ભય પામે છે. અથવા જે શિક્ષા કરવા યોગ્ય છે તેની સાથે કૃપાનું પાત્ર હોય તેમ ભગવાન ભાષણ કરે છે એવું આશ્ચર્ય દર્શાવવા 'ह' શબ્દ યોજેલ છે. (૩૫)

નીચેના શ્લોકથી આરંભી ચાર શ્લોકથી ભગવાન કહે છે.

ननु दानपते न्यस्तस्त्वय्यास्ते शतधन्वना।
स्यमन्तको मणिः श्रीमान्विदितः पूर्वमेव नः ॥३६॥

दानपतिर्दानाध्यक्षः सर्वधर्मसूक्ष्मज्ञः। अनेन गोपनमनङ्गीकाराऽन्यथा वदनं च व्यावर्तितम्। न्यस्तः त्वयि स्थापितः। आस्तेऽद्यापि तव स्थाने। शतधन्वनैव, नतु तदीयैः। स्यमन्तको मणिः प्रसिद्धः। तस्य नाशादिकं न सम्भवतीत्याह श्रीमानिति। सर्वदा श्रीमत्त्वात् नापद्रूपं नाशशादिकं प्राप्नोति।

पूर्वोक्तार्थेषु प्रमाणमाह विदित इति । इदानीं वेदकं भ्रान्तं भविष्यतीति तन्निवारणार्थमाह । पूर्वमेव नोऽस्माभिः विदित इति ॥३६॥

तर्हि तदैव कथं न याचित इति चेत्, तत्राह सत्राजितोऽनपत्यत्वादिति ।

શ્લોકાર્થ-૩૬ : હે દાનપતિ ! કાંતિવાળો સ્યમંતક મણિ શતધન્વાએ તમને સોંપેલ તે તમારી પાસે છે. તે અમે પહેલેથી જાણેલ છે. (૩૬)

સુબોધિનીજી, ભાવાર્થ : દાનપતિ એટલે દાનનો અધિપતિ. આ સંબોધનથી તે મણિ છુપાવશે, ભગવાનનું કહેવું સ્વીકારશે નહિ અથવા ખોટુ બોલશે એવી શંકાઓ દૂર કરેલી છે.

'न्यस्तः' એટલે તમને સોંપેલ છે. 'आस्त' એટલે તમારા ઘરમાં હજુ સુધી છે. શતધન્વાએ જ તમને સોંપેલ પરંતુ તેના માણસોએ સોંપેલ નથી. તે મણિનો નાશ થવાનું સંભવતું નથી. એમ 'કાંતિવાળો' વિશેષણથી કહેલ છે. પહેલા કહેલ વિષયનું પ્રમાણ 'આ અમે પહેલેથી જ જાણેલ છે' શબ્દથી કહેલ છે. પહેલેથી જ 'નઃ' અમે જાણેલ છે. શબ્દો યોજેલ છે. (૩૬)

તો પછી જયારે સોંપ્યો ત્યારે જ કેમ ન માગ્યો ? ત્યાં કહે છે.

सत्राजितोऽनपत्यवत्वाद्गृह्णीयुर्दुहितुः सुताः ।
दायं निनीयापः पिण्डान्विमुच्यर्णं च शेषितम् ॥३७॥

याचनमधिकारिणो भवति । यः पिण्डदः स रिक्थहारिति । तत्रैतावत्कालं सत्यभामाया नापत्यान्युत्पन्नानि । स त्वनपत्यः अभ्राता च । मणिस्तु तस्य । तं पुनः दुहितुः सुताः गृह्णीयुः । तत्र साधारणं न्यायमाह दायं निनीयेती । अन्यथैतदपि स्वेच्छेति स्यात् । दायं धनं गृह्णीयुरिति पूर्वेणैव सम्बन्धः । आमरणं तस्यैव धनम् । मरणानन्तरमपि पुत्राद्यभावे अपः पिण्डान् निनीय ऋणं च विमुच्य शेषितमवशिष्टम् । शेषभागिति पाठे यो निनीय भवति, स शेषभाग्भवतीति । निःस्वामिकं तु द्रव्यं राजगामि भवति । चोरं हत्वापि यो वस्तुतो न भागी, स न द्रव्यं प्राप्नोति परिज्ञातम् । उत्पन्न एव दायभाग्भवतीति

VIBRANT PUSHTI VADODARA

न व्यवहितज्ञातेः दायभाक्त्वमिति केचित् । दायं वा साक्षात्स्वामिनि गते तत्स्वामिनमन्वेषमाणं परम्परया शाखामूलपर्यन्तं गत्वा तुल्यतया तच्छाखासु निर्विशति । यं कश्चिद्वा सर्वानुमत्या पिण्डदातारम् । एवं श्लोकद्वयेन भेदो दण्डश्च उक्तः। भेदावेव वा ॥३७॥

सामदाने आह तथापीति द्वाभ्याम् ।

<u>શ્લોકાર્થ-૩૭ :</u> *સત્રાજીત પુત્રરહિત હોવાથી મૃત તેને પિંડ અને ઉદક આપીને દેવું ભરીને બાકીની મિલ્કત તેની દીકરીના દીકરાઓ લે. (૩૭)*

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> મિલ્કતના અધિકારીઓ માગણી કરે. જે પિંડ આપનાર હોય છે તે વારસો પ્રાપ્ત કરે છે. તે સંબંધમાં જણાવવાનું કે આટલા સમય સુધી સત્યભામાને પુત્રો થયા ન હતા. સત્રાજિતને પુત્રો ન હતા. મણિ તો તેનો હતો. તે દીકરીના દીકરાઓ લે તે સામન્ય ન્યાય કહે છે. 'दायं' એટલે ધન દીકરીના દીકરાઓ લે એવો પૂવાર્ધ સાથે સંબંધ છે. સત્રાજિતનું મરણ થયું ત્યાંસુધી તેનું જ ધન હતું પછી મરણ પછી પુત્ર નહિ હોવાથી પિંડ અને ઉદક આપીને અને દેવું ભરીને જે બાકી રહેલ હોય તે પિંડ આપનાર લે. જે પિંડ આપનારો થાય છે તે બાકીનું પ્રાપ્ત કરનાર થાય છે. જે ધનનો માલિક કોઇ ન હોય તેવું ધન રાજાને પ્રાપ્ત થાય છે. ચોરને હણીને પણ જે વાસ્તવિક રીતે ભાગ લઇ શકતો નથી. તે દ્રવ્ય પ્રાપ્ત કરતો નથી. વારસ તરીકે સ્વીકારેલ હોય તે જન્મતાં સાથે જ વારસદાર થાય છે. ધન સાક્ષાત્ સ્વામી મરણ પામતાં તેના પોતાના સ્વામીને શોધતું પરંપરાથી શાખાના મૂળ સુધી જઇને તે શાખામાં રહેલાને પ્રાપ્ત થાય છે. અથવા બધાની સમંતિથી પિંડ આપનારને પ્રાપ્ત થાય છે. એમ બે શ્લોકથી વ્યવસ્થા અને દંડ કહ્યા. (૩૭)

નીચેના શ્લોકથી આરંભી બે શ્લોકથી સામ અને દાન કહે છે.

तथापि दुर्धरस्त्वन्यैस्त्वय्यास्तां सुव्रते मणिः ।
किन्तु मामग्रजः सम्यङ् न प्रत्येति मणिं प्रति ॥३८॥

अन्यैर्दुर्धरोऽयमिति त्वय्येवास्ताम् । स हि लौकिके अलौकिको न तिष्ठति ।

य एव कर्मादिमार्गैः अपवृत्तैः लौकिकत्वं न सम्पद्यते । अपवृत्तकर्मा लौकिको भवतीति कादाचित्कवत्तोऽपि समयभेदेन लौकिक एव । तर्हि मयि कथं तिष्ठेदित्यशङ्कयाह सुव्रत इति । सुष्ठु व्रतं यस्य । त्वं हि सर्वदा नियतव्रत : एवं दानमुक्त्वा सामाह किन्त्विति । परमेकदा दर्शयस्व । साम हि समता, उभयोरैक्यम् । तथा सति यथा स्वकार्ये मणेर्विनियोगः, एवमस्मत्कार्येऽपि विनियोगो युक्त इति । अप्रदर्शनपक्षे अग्रजो बलभद्रः मणिं प्रति मणिविषये मां न सम्यक् प्रत्येति, किन्तु सकपटं मन्यते ॥३८॥

अतो यथा जाम्बवता अपकीर्तिनिराकणार्थं मणिर्दत्तः, एवं त्वयापि प्रदर्शनीय इत्याह दर्शयस्वेति ।

<u>શ્લોકાર્થ-૩૮ :</u> *છતાં પણ હે સારાં વ્રત કરનાર ! બીજાથી સચવાઈ ન શકે તેવો મણિ ભલે તમારી પાસે રહે ! પરંતુ મણિના વિષયમાં મોટાભાઈ મારો વિશ્વાસ કરતા નથી. (૩૮)*

<u>સુબોધિનીજી, ભાવાર્થ :</u> બીજાઓથી આ મણિ સાચવી શકાય તેવો નથી. તેથી તમારી પાસે ભલે રહે. કારણ કે તે અલૌકિક મણિ લૌકિક પુરૂષ પાસે રહેતો નથી. તેથી તે તમારી પાસે ભલે રહે. વિપરીત કર્મ કરનારો લૌકિક થાય છે. તેથી કાંઇક સમય નિમિત્તના વ્રત કરનાર પણ સમયના ભેદથી લૌકિક થાય છે. ત્યારે મારી પાસે તે કેમ રહેશે? એવી શંકા થાય તેથી 'હે સારા વ્રત કરનાર' એવું સંબોધન કરેલું છે.

એ પ્રમાણે દાન કહી હવે સામ કહે છે. પરંતુ એકવાર મણિ દેખાડો. સામ એટલે સરખાપણું જેમ તમારા કાર્ય માટે મણિનો ઉપયોગ થાય છે તેમ અમારા કાર્ય માટે તેનો ઉપયોગ કરવો જોઇએ એ યોગ્ય જ છે એવો અર્થ છે. જો મણિ ન દેખાડવામાં આવે તો મોટાભાઈ બલભદ્ર મણિના વિષયમાં મારો વિશ્વાસ કરતા નથી. પરંતુ મને કપટી માને છે. (૩૮)

તેથી જેમ જાંબવાને અપકિર્તિ દૂર કરવા મણિ આપેલો તેમ તમારે પણ દેખાડવો જોઇએ. તે હવે નીચેના શ્લોકથી કહે છે.

VIBRANT PUSHTI * VADODARA *

दर्शयस्व महाभाग बन्धूनां शान्तिमावह।
अव्युच्छिन्ना मखास्तेऽद्य वर्तन्ते रुक्मवेदयः ॥३९॥

महाभागेति विद्यमाने मणिर्न गच्छतीति । अस्मद्विश्वासाभावेऽपि भाग्य-विश्वासो वा कर्तव्य इति भावः । अनेनान्योऽप्युपकारो भविष्यतीत्याह बन्धूनां शान्तिमावहेति। बन्धुषु मध्ये कलह उत्पन्न : केचिन्मत्सङ्गिनः, अपरे राम-स्येति । प्रदर्शने तु स्नदेहाभावात् न कलहः । अव्युच्छिन्नेत्यर्थं विगीतमाहुः । मणिरस्तीत्यत्र लौकिकं प्रमाणम् । काश्यादिषु रुक्मवेदयः सुवर्णेष्टकानिर्मिताग्निसहिता : मखाः द्वादशाहादयः अव्युच्छिन्ना निरन्तरं प्रवृत्ताः यतस्ते वर्तन्त इति ॥३९॥

एकेनाप्युपायेन स इष्टं कुर्यात्, किमुत चतुर्भिरिति स भगवदुक्तं कृतवानित्याह एवं सामभिरिति।

श्लोकार्थ -૩૯ : હે મોટા ભાગ્યવાળા ! મણિ દેખાડ. બંદુઓમાં શાંતિ લાવ. સોનાના યજ્ઞકુંડવાળા તારા યજ્ઞો અટકયા વિનાના હજુસુધી ચાલું છે. (૩૯)

સુબોધિનીજી, ભાવાર્થ : હે મોટા ભાગ્યવાળા ! એ સંબોધનથી એમ સૂચવે છે કે ભાગ્ય છે તેથી મણિ જતો નહિ રહે. મારો વિશ્વાસ ન હોય તો ભાગ્યનો વિશ્વાસ તારે રાખવો જોઈએ. 'બંધુઓમાં શાંતિ લાવ' શબ્દોથી સૂચવેલ છે. બંધુઓમાં કેટલાક મારા પક્ષના છે. બીજા કેટલાક બલભદ્રના પક્ષના છે. તેથી કજીઓ ઉત્પન્ન થયેલો છે. મણિ દેખાડવામાં આવે તો કજીયો રહે નહિ. તારી પાસે મણિ છે એ બધાં લોકો કહે છે. કાશીમાં સોના યજ્ઞકુંડવાળા - સોનાની ઈંટોથી બનાવેલ કુંડ જેમાં છે તેવા બાર દિવસ ચાલનારા યજ્ઞો અટકયા વિના સદા ચાલુ છે. (૩૯)

एवं सामभिरालब्धः श्वफल्कतनयो मणिम्।
आदाय वाससा च्छन्नं ददौ सूर्यसमप्रभम् ॥४०॥

सामशब्देन भेददण्डदानान्यपि संगृह्यते । पर्यवसितं सामैवेति तदेवोक्तम् । आलब्धः स्पृष्टः मारित इव लज्जितः वशीकृतश्च । श्वफल्कतनयो महतः पुत्र ।

भगवते वाससा च्छन्नं सूर्यसमप्रभं ददौ । आदायेत्यनेन अन्यतो ग्रहणं लक्ष्यते । अर्थात् कृतवर्मणः स्थाने तत् स्थितमिति लक्ष्यते । प्रत्यक्षदाने लज्जा भवतीति वाससा च्छन्नं ददौ । तथैव स्थापितमिति ज्ञापयितुम् । अन्यथा तज्जनितं सुवर्णमपि निवेदनीयं स्यात् । तेन प्रदर्शनार्थं न दत्तम्, किन्तु सर्वथैव दत्तमिति दानप्रकारादवसीयते । सूर्यसमप्रभमिति दाने दातुर्ग्रहीतुश्च प्रत्यक्षतो दर्शनमपि न भवेदिति सूचितम् । अनुपहतशक्ति वा ॥४०॥

भगवांस्तु प्रतिदानार्थमेव गृहीतवानिति कार्यं कृत्वा तस्मै दत्तवानित्याह स्यमन्तकमिति ।

श्लोकार्थ -४० : એવી રીતે સમજુતીના વચનોથી પીગળેલા શ્વફલ્કના પુત્રે કપડાથી ઢાંકેલો સૂર્યની કાંતિવાળો મણિ લાવીને આપ્યો. (૪૦)

સુબોધિનીજી, ભાવાર્થ : સમજુતિ શબ્દમાં ભેદ દંડ અને દાનનો પણ સમાવેશ થાય છે. સમજુતીમાં જ અંત આવ્યો. 'आलब्धः' એટલે પીગળેલો, શરમાવેલો અને વશ થયેલો. શ્વફલ્કના પુત્ર એટલે તે પુત્રે ભગવાનને કપડાથી ઢાંકેલો સૂર્યના જેવી કાંતિવાળો મણિ આપ્યો. 'લાવીને' શબ્દથી બીજાની પાસેથી તેણે લીધેલો એટલે કૃતવર્માને ત્યાં રાખેલો એમ જણાય છે.

ખૂલ્લો આપતાં શરમ આવે તેથી કપડાથી ઢાંકેલો આપ્યો જો તે કપડાંથી ઢાંકેલ ન હોય તો તેનાથી ઉત્પન્ન થએલ સોનું પણ આપવું જોઈએ. તેથી દેખાડવા માટે આપેલ ન હતો પણ સદાને માટે જ આપી દીધો. 'સૂર્યની જેવી કાંતિવાળો' વિશેષણથી એમ સૂચવે છે કે ખૂલ્લી રીતે આપવામાં આવે તો આપનાર અને લેનાર તે જોઈ પણ શકે અથવા મણિની શક્તિની હાની થઈ ન હતી. (૪૦)

ભગવાને તો પાછો આપવા જ તે લીધેલો. તેથી કામ પતાવી તેને પાછો આપ્યો એમ નીચેના શ્લોકથી કહે છે.

स्यमन्तकं दर्शयित्वा ज्ञातिभ्यो रज आत्मनः ।
विमृज्य मणिना भूयस्तस्मै प्रत्यर्पयद्विभुः ॥४१॥

ज्ञातिभ्यो गोत्रजेभ्यो विवदमानेभ्यः। आत्मनो रजोऽपकीर्तिं विमृज्य मार्ज-यित्वा। अनेनाग्रिमकार्ये लेपदानाविव पूर्वरङ्गः कृत इति। अतः स्वकार्यं कृत्वा

VIBRANT PUSHTI VADODARA

तस्मै प्रत्यर्पयत् । भूय इत्येनेन पूर्वमपि सत्यभामास्थानीयं मणिं दत्तवानिति लक्ष्यते । विभुः समर्थः । तस्मै दत्त्वापितंदण्डयितुमिति । अपेक्षाभावाद्वा ॥४१॥

एवमध्यायद्वये लौकिकी भाषा निरूपितेति साक्षादुपयोगाभावात् श्रवणे फलमाह यस्त्वेतदिति।

શ્લોકાર્થ :-૪૧: *સંગાઓને સ્યંમતક દેખાડીને પોતાની અપકિર્તિ મણિથી દૂર કરીને ભગવાને ફરીથી તેને પાછો આપ્યો. (૪૧)*

ભાવાર્થ, સુબોધિનીજી :- સંગાઓને એટલે કજીઓ કરનાર પિત્રાઇઓ. પોતાની અપકિર્તિ દૂર કરીને પાછો આપ્યો. તે એમ સમજાય છે કે ભવિષ્યમાં કરવાના કાર્યના લેપ અને દાનની પેઠે તેની પ્રસ્તાવના કરી કારણ કે ભગવાનમાં દોષનો આરોપ થતો હોય તો બધાનો ઉદ્ધાર થઇ શકે તેથી પોતાનું કાર્ય કરીને તેને મણિ પાછો આપ્યો. 'ફરીથી' એ શબ્દથી એમ જણાય છે કે પહેલાં પણ સત્યભામાના સ્થાને રહેલો મણિ ભગવાને આપેલો. 'विभुः' એટલે મણિ તેને આપીને તેને શિક્ષા કરવા સમર્થ તેને પાછો આપ્યો.(૪૧)

એ પ્રમાણે (ઉતરાર્ધ-૭-૮ એ) બે અધ્યાયોમાં લૌકિક ભાષા જણાવી તે શ્લોકના શ્રવણનું ફલ કહે છે.

यस्त्वेतद्भगवत ईश्वरस्य विष्णोर्वीर्याढ्यं वृजिनहरं सुमङ्गलं च ।
आख्यानं पठति शृणोत्यनुस्मरेद्वा दुष्कीर्तिं दुरितमपोह्य याति शान्तिम् ॥

एतदाख्यानम् । अत्राख्याने त्रिविधा लीला वर्तत इति ज्ञापयितुं भगवतो नामत्रयम् । भगवत्त्वाच्छास्त्रार्थत्वम्, ईश्वरत्वादावश्यकत्वम्, विष्णुत्वात्पापनाशकत्वमिति । चरित्रेऽपि गुणत्रयमाह वीर्याढ्यं वृजिनहरं सुमङ्गलं चेति। भक्तिजनकं पापनाशकं पुण्यसम्पादकं च। चकाराज्ज्ञानप्रदम्। तत्र क्रियामपि त्रिविधामाह पठति शृणोत्यनुस्मरेद्वेति । श्रवणकीर्तनस्मरणानि विकल्पेन विधीयन्ते । समुच्चयेन च । चकारादन्येषु फलेषु विकल्पः, भक्तौ समुच्चय इति । पूर्वमुक्तं फलमपि त्रिविधमाह दुष्कीर्तिं दुरितमपोह्य याति शान्तिमिति । दुष्कीर्तिर्बाह्या । दुरितमान्तरम् । दोषद्वयं परिहृत्य लयविक्षेपजनकाभावत् शान्ति मनसः समवस्थानं ज्ञानं वा यातीति

भक्त्यङ्गत्वेनैतच्छ्रोतव्यमिति निरूपितम् ॥४२॥

इति श्रीभागवतसुबोधिन्यां श्रीमल्लक्ष्मणभट्टात्मजश्रीमद्वल्लभदीक्षित विरचितायां दशमस्कन्धविवरणे उत्तरार्धेऽष्टमोऽध्यायः ॥८॥

શ્લોકાર્થ : ૪૨ : જે ભગવાન ઈશ્વર વિષ્ણુના આ વીર્યવાળાં દુઃખ હરનારાં અને કલ્યાણ પ્રાપ્ત કરાવનારાં આખ્યાનનો પાઠ કરે છે તેનું શ્રવણ કરે છે અથવા સ્મરણ કરે છે તે અપકિર્તિ અને પાપને દૂર કરી શાંતિ પ્રાપ્ત કરે છે. (૪૨)

સુબોધિનીજી, ભાવાર્થ : આ આખ્યાન એટલે કથા છે. ભગવાનની ત્રણ પ્રકારની લીલા છે. તે જણાવવા ત્રણ નામ કહેલાં છે. ભગવાનની કથા હોવાથી શાસ્ત્રાર્થ છે. ઈશ્વરની કથા હોવાથી અને વિષ્ણુની કથા હોવાથી પાપ નાશ કરનારી છે. વીર્યવાળાં, દુઃખ હરનારાં, કલ્યાણ પ્રાપ્ત કરાવનારાં શબ્દોથી ચરિત્રના ત્રણ ગુણો કહેલા છે. ભક્તિ ઉત્પન્ન કરનારૂં પાપનો નાશ કરનારૂં અને પુણ્ય પ્રાપ્ત કરાવનારૂં એવો અર્થ છે. 'પાઠ કરે છે. શ્રવણ કરે છે અને સ્મરણ કરે છે' શબ્દોથી ત્રણ પ્રકારની ક્રિયા તેના સંબંધિ કહેલી છે. શ્રવણ કિર્તન અને સ્મરણમાંથી જે પ્રસંદ પડે તે કરવાનું કહેલું છે. બધા સાથે કરવાનું પણ કહેલ છે.

ભક્તિ માટે ત્રણે કરવાં. બીજા ફલ માટે ગમે તે એક કરવું એવા અર્થ છે. 'અપકિર્તિ અને પાપને દૂર કરીને શાંતિ પ્રાપ્ત કરે છે' શબ્દોથી ફલ ત્રણ પ્રકારનું જણાવેલ છે. અપકિર્તિ બહારની, પાપ અંદરનું બે દોષ દૂર કરી મનનું જડપણું તથા ગુંચવાડો ઉત્પન્ન કરનારો નહિ રહેવાથી શાંતિ એટલે મનની સ્થિર સ્થિતિ અથવા જ્ઞાન પ્રાપ્ત કરે છે એવી રીતે ભક્તિના અંગ તરીકે આ આખ્યાનનું શ્રવણ કરવું એમ કહેલું છે. (૪૨)

દશમ સ્કંધ ઉત્તરાર્ધ

અધ્યાય આઠમો

રાજસ સાધન પ્રકરણ

સમાપ્ત

VIBRANT PUSHTI * VADODARA *